આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૭

સળંગ અંક : ૧૦૨૦

નવેમ્બર - ૨૦૨૫



## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦મા જન્મદિન નિમિત્તે વિશેષાંક



# અમારી શાળાઓનો નવરાત્રી મહોત્સવ-૨૦૨૫















# ઘરશાળા

**વર્ષ : ૮૫**

**સળંગ અંક : ૧૦૨૦ નવેમ્બર - ૨૦૨૫**



| | |
|---|---|
| **સ્થાપક તંત્રીઓ :** | **હરભાઈ ત્રિવેદી**<br>**રઘુભાઈ નાયક** |
| **તંત્રીઓ :** | **જ્યોતીન્દ્રભાઈ દવે**<br>**સજુભા ઝાલા** |
| **સહતંત્રી :** | **અશોકભાઈ સોમપુરા** |
| **વ્યવસ્થા અને સંકલન :** | **કે. ડી. પટેલ**<br>**ભૃગેશ તપોધન** |
| **પરામર્શ :** | **અમિતાબહેન પાલખીવાલા** |


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭**
**મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩**
**૮૩૪૭૯૦૦૭૯૨**


## અનુક્રમ


સરદારની ગાંધીજીને શ્રદ્ધાંજલિ /૪

સંપાદકીય : સરદાર પટેલ વિશેષાંક — જ્યોતીન્દ્ર દવે/૫

સરદારની પ્રતિમા અને પ્રતિભા — અમિતાબેન પાલખીવાલા/૬

સરદારનો પત્ર (વિભાજનના પ્રશ્નો) /૧૪

કાશ્મીર અંગે સરદાર પટેલ - નેહરુના પત્રો /૧૬

મણિબહેનની નજરે પિતા સરદાર વલ્લભભાઈ પટેલ — નટવર પટેલ/૨૧

સરદાર : સાહસ અને શૌર્યના સમ્રાટ — પ્રા. અશ્વિન અવૈયા /૨૪

સંકટમાં કુટુંબ ભાવના — હસિત મહેતા/૨૭

સરદાર પટેલના પ્રેરક પ્રસંગો — ફાલ્ગુની બા/૨૮, શ્રી દિપ્તી બેન/૨૯

વિદ્યાર્થીકાળનાં સરદાર — મિરલ બી. ઉપાધ્યાય/૩૦

સરદાર સન્માન યાત્રા ૨૦૨૫ — હિતેન્દ્રભાઈ સી. પટેલ/૩૨

સરદાર અને સોમનાથ — પરીક્ષિત જોશી/૩૪

સરદાર વલ્લભભાઈ પટેલ - અનોખું વ્યક્તિત્વ — પ્રા. ડૉ. શૈલેષભાઈ એ. પટેલ/૩૭

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા/૪૧



**email : gharashala@saraswatividyamandal.org**
**website : www.saraswatividyamandal.org/publication**


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર - ૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.**

**-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-**
**બેંકનું નામ :- બેંક ઓફ બરોડા**
**ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક**
**આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)**

# સરદારની ગાંધીજીને શ્રદ્ધાંજલિ

## ઑલ ઈન્ડિયા રેડિયો પરનું ઉદ્‌બોધન

હમણાં જ મારા પ્રિય ભાઈ જવાહરલાલે તમને સંબોધન કર્યું. મારું દિલ દુઃખી છે. હું તમને શું કહેવાનો છું? મારી વાચા બંધ થઈ ગઈ છે. આજનો દિવસ દેશ માટે શોક, શરમ અને વેદનાનો દિવસ છે. આજે ચાર વાગે તો હું ગાંધીજીને મળ્યો અને તેમની જોડે કલાક સુધી બેઠો હતો...

હજી તો માંડ ઘેર પહોંચ્યો હોઈશ, તેટલામાં કોઈ ખબર લાવ્યું કે પ્રાર્થનાસભામાં કોઈ હિંદુ યુવાને ગાંધીજી પર ત્રણ ગોળી છોડી છે. હું દોડતો પાછો બિરલા હાઉસ આવ્યો અને ગાંધીજી પાસે પહોંચ્યો. તેમની આંખો બંધ હતી, પણ તેમના મુખ પર તો અગાઉના જેવી જ શાંતિ અને સૌમ્યતા હતી. તેમના ચહેરામાંથી દયા અને ક્ષમાના ભાવ છલકી રહ્યા હતા...

દોસ્તો, આ પ્રસંગ ગુસ્સો ઠાલવવાનો નથી, પણ આપણા બધા માટે હૃદયમાં ખોજ કરવાનો સમય છે. આપણને ગુસ્સો ઉપજે તે સ્વાભાવિક છે. પણ આ ગુસ્સો ઠાલવીએ તો આપણા સહુના ગુરુની શિખામણ આપણે આટલી જલ્દીથી ભૂલી ગયા છીએ, તેવું જ પુરવાર થાય. મને કહેવા દો કે તેમના જીવતાં પણ આપણે તેમની શિખામણનું અધકચરું જ પાલન કરતા રહ્યા છીએ.

હમણાં, હમણાં ભારતે જે બોજો ઉપાડવાનો આવ્યો છે, તે જબરજસ્ત છે. આ મહામાનવની સહાય ન હોત તો આ બોજાથી આપણી પીઠ તૂટી પડી હોત. આ ટેકો હવે ચાલ્યો ગયો છે, પણ ગાંધીજી તો આપણા હૈયામાં કાયમ જીવવાના છે... આવતીકાલે ચાર વાગે તેમનો નશ્વર દેહ રાખ થઈ જશે, પણ તેમનો અવિનાશી સંદેશ કાયમ માટે આપણી સાથે જીવશે.

પોતે આ રીતે ગાંધીજીના મહાકાર્યનો નાશ કરી શકશે, તેવું પેલો પાગલ જુવાન સમજતો હોય તો તેની ભૂલ થઈ છે. કદાચ આવા મૃત્યુ થકી જ ગાંધીજીના મહાકાર્યને સફળતા અને શાશ્વતી મળે તેવી ભગવાનની ઈચ્છા હશે.

**સાભાર : ઑલ ઈન્ડિયા રેડિયો**

# સંપાદકીય



- જ્યોતીન્દ્ર દવે

**સરદાર પટેલ વિશેષાંક**

નવેમ્બર મહિનો એટલે સરસ્વતી વિદ્યામંડળ માટે ખાસ અને વિશિષ્ટ મહિનો છે. સરસ્વતી વિદ્યામંડળની સ્થાપનાનો મહિનો, સરસ્વતી વિદ્યામંડળના સ્થાપકો મુશ્રી હરભાઈ ત્રિવેદી, મુશ્રી જશીબેનના જન્મદિવસનો મહિનો છે. બન્ને મહાનુભાવોને સરસ્વતી વિદ્યામંડળ અને ઘરશાળા પરિવાર કોટિ કોટિ વંદન કરે છે. તેમણે શરૂ કરેલા આ અભિયાનને સફળતાપૂર્વક આગળ ધપાવવાનો સંકલ્પ ઘરશાળાના સંપાદકીય મંડળ કરે છે.

સરસ્વતી વિદ્યામંડળ ૮૧ વર્ષ પૂરા કરે છે. વિદ્યામંડળના પાછળના વર્ષો સંઘર્ષમય છતાં પ્રગતિશીલ રહ્યા છે. વિદ્યામંડળના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર સર્વે વડીલોને અમે યાદ કરી શત્ શત્ નમન કરીએ છીએ. તેમજ મુશ્રી રઘુભાઈ અને જશીબેનના સ્વપ્નોની સરસ્વતી શાળા અનેક વર્ષો સુધી તેમના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વિકાસના પંથે પ્રગતિ કરતી રહે એવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

૩૧મી ઓક્ટોબર એ ગુજરાતના વિરલ પુરુષ સરદાર પટેલનો જન્મ દિવસ છે. અમે 'ઘરશાળા' માસિકનો આ અંક સરદાર પટેલની સ્મૃતિમાં વિશેષાંક પ્રકાશિત કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. ગુજરાત અને રાષ્ટ્રના સમગ્ર સામાજિક અને રાજકીય જીવનમાં સરદાર પટેલનો ફાળો અવિસ્મરણીય અને નોંધપાત્ર રહ્યો છે. અને આ વિશેષાંકમાં સરદારના વ્યક્તિત્વના કેટલાંક ઉજળા પાસાંઓને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. સરદારનું વ્યક્તિત્વ એ રાજપુરુષ કરતાં લોકસેવક તરીકેનું વધુ રહ્યું છે. એમના વાણી અને વર્તનમાં સામાન્ય લોકોની લાગણીનો પડઘો સમગ્ર જીવન દરમિયાન રહ્યો છે. લોકો સાથે જોડાયેલા ધરતીપુત્રને અમે યાદ કરી તેમના જીવન અને કવન વિશેના લેખો 'ઘરશાળા'ની યુવા પેઢી સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. અમારા આ પ્રયાસને ઘરશાળાના લેખકો અને વિદ્યામંડળના શિક્ષકોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. તે સૌનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ. સરદારના ૧૫૦મા વર્ષે અમે કોટિ કોટિ વંદન કરીએ છીએ.

# સરદારની પ્રતિમા અને પ્રતિભા

- પાલખીવાલા અમિતા મનુભાઈ

કરમસદના કૃષિકાર ઝવેરભાઈએ ધર્યું હિન્દને ઝવેરાત.

ગામ કરમસદના માણસની અચરજ જેવી વાત.

ફૂલ શા કોમળ હૈયામાં પથરીલી તાકાત.

- મણિભાઈ પટેલ

સરદાર વલ્લભભાઈ પટેલ. ક્યારેક આંખ બંધ કરીને તેમની દુનિયાને જોવાનો પ્રયત્ન કરીએ ત્યારે સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન કપ્તાન, એક અખંડ કર્મયોગી, ભવ્ય ભારતના દિવ્ય રચનાકાર, એક જ રણહાકથી દેશની વ્યાપક લોકચેતનાને ઢંઢોળનાર, શોષિતો, પિડિતો અને ગરીબોને જોઈને પારાવાર વેદના અનુભવનાર, બારડોલી સત્યાગ્રહ દ્વારા ગુજરાતમાં ક્રાંતિ આણનાર, પ્રજામાં સ્વદેશાભિમાનની અનોખી જાગૃતિ પેદા કરનાર, દેશી રજવાડાઓના એકીકરણના ભીષ્મ પિતામહ, વિચક્ષણ બુદ્ધિ, વાક્ચાતુર્ય, મુત્સદ્દી, કોમળ હૈયું ધરાવતા 'લોખંડી પુરુષ', સરળતા અને અભય સંકલ્પની મૂર્તિ, નોખી માટીના, નોખાં મિજાજના સરદાર વલ્લભભાઈ પટેલ દષ્ટિગોચર થાય.

જીવન એવું જીવી ગયા કે,<br>
સદા સૌ જોયા કરે,<br>
કર્મ એવા કર્યા કે,<br>
સદાય હૃદયમાં ગુંજ્યા કરે.

મારી વાત સ્પષ્ટ કરવા હું તમને ભારતના ગુજરાત રાજ્યમાં વડોદરા નજીક સાધુ બેટથી ૩.૨ કિલોમીટર દૂર નર્મદા નદી પર કેવડિયા કોલોનીમાં આવેલા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના સાન્નિધ્યમાં લઈ જવા માંગું છું. જે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' તરીકે પ્રખ્યાત છે.

વાત એમ છે કે ૨૦૧૩માં સ્ટેચ્યુ ઑફ યુનિટી ચળવળ શરૂ કરવામાં આવી હતી. ખેડૂતોને તેમના વપરાયેલા ખેતીના સાધનોનું દાન કરવા માટે કહેવામાં આવ્યું. જે દ્વારા ૨૦૧૬ સુધીમાં પ્રતિમા માટે ૧૩૫ મેટ્રિક ટન સ્ક્રેપ આર્યન એકત્રિત કરવામાં આવ્યું. જેમાં પ્રતિમાના નિર્માણ માટે ૭૦ હજાર ટન સિમેન્ટ અને ક્રોંકિટ, ૬ હજાર ટન સ્ટ્રકચરલ સ્ટીલ, ૧૮,૫૦૦ ટન રિઈનફોર્સ્ડ સ્ટીલ, બાહ્ય રવેશ માટે ૧૭૦૦ ટન કાંસ્ય પ્લેટોનો અને ૧૮૫૦ ટન કાંસ્ય કલેડીંગનો (આચ્છાદિત) ઉપયોગ કરવામાં આવ્યો છે. ૬૦ મહિના સુધી રાત-દિવસની મહેનત બાદ તૈયાર થયેલી આ ભવ્ય પ્રતિમા ૧૮૨ મીટર (૫૯૭ ફૂટ)ની ઊંચાઈ સાથે તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. જે આગ્રા સ્થિત તાજમહેલ કરતાં ૧૦૯ મીટર (તાજમહેલની ઊંચાઈ ૭૩ મીટર) ચીન સ્થિત સ્પ્રિંગ ટેમ્પલ બુદ્ધ કરતાં ૫૪ મીટર (સ્પ્રિંગ-ટેમ્પલ બુદ્ધની ઊંચાઈ ૧૨૮ મીટર), દિલ્હી

સ્થિત ઇન્ડિયા ગેટ કરતાં ૧૪૦ મીટર (ઇન્ડિયા ગેટની ઊંચાઈ ૪૨ મીટર), મુંબઈ સ્થિત ગેટ વે ઑફ ઈન્ડિયા કરતાં ૧૫૬ મીટર ઊંચી (ગેટ વે ઑફ ઇન્ડિયાની ઊંચાઈ ૨૬ મીટર) છે. ૧૭૦૦ મેટ્રીક ટનનું વજન ધરાવતી આ પ્રતિમાના પગની ઊંચાઈ ૨૪ મીટર એટલે કે ૮૦ ફૂટની છે. જે ગેટ વે ઑફ ઈન્ડિયા કરતાં ૨ મીટર ઓછી છે. સ્ટેચ્યૂના પ્લેટફોર્મની ઊંચાઈ ૮૫ ફૂટ છે. લાલ કિલ્લાથી માત્ર ૨૩ ફૂટ નાનું છે. (લાલ કિલ્લાની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે.) ૧૭૦૦ મેટ્રિક ટનનું વજન ધરાવતી આ પ્રતિમા વિશ્વના સૌથી મોટા વિમાન એન્ટોનોવ AV-225 મારિયાના વજન કરતાં ત્રણ ગણું વધુ છે. આ પ્રતિમા ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને ૬.૫ના રિક્ટર સ્કેલ પર ભૂકંપનો સામનો કરવા માટે સક્ષમ છે. તા. ૩૧-ઑક્ટોબર-૨૦૧૮ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી વર્ષગાંઠના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

અરે ! હું પણ ક્યાં આ ચર્ચામાં પડી ગઈ! પ્રતિમામાં કેટલું સિમેન્ટ, સ્ટીલ કે કાંસુ વપરાયું, પ્રતિમા કેટલી ઊંચી છે વગેરેની ચર્ચાને બદલે જો તમે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' જોવા જાવ તો,

માથે ન તાજ, ન સત્તાનો સાજ

સરદાર

તમે જ સાચા વનરાજ.

આ વનરાજને 'સરદાર' બનાવનાર કયા તત્ત્વો છે. તેને બરાબર સ્મરજો. સિમેન્ટ, સ્ટીલ અને લોખંડની આરપાર રહેલા વિચારક અને જન્મજાત લીડર સરદારને જોવાનું ભૂલતા નહીં, કે જેમણે રશિયન ક્રાંતિકારી, રાજકારણી અને રાજકીય સિદ્ધાંતવાદી લેનિનની માફક ભાવિ પેઢીના ઉત્કર્ષ માટે આજીવન સંઘર્ષ કર્યો હતો અને સામ્યવાદી ચીનના નિર્માતા માઓત્સે તુંગની જેમ કિસાનોને સૌથી વધુ મહત્ત્વ આપ્યું હતું.

સ્ટેચ્યૂ ઑફ યુનિટી જોવા જાવ તો સરદારનું ફક્ત પૂતળું જોવા જશો નહીં. પણ સરદાર શબ્દમાં જે 'દા' અક્ષર આવે છે તેના દ્વારા સરદારને સમજજો, કે એ દાવપેચનો 'દા' નહીં, જૂનાગઢ, સોમનાથ કે હૈદરાબાદના પ્રશ્નોમાં કોઈ 'દાદાગીરી' નહીં પણ ભારત દેશના ગૃહમંત્રી તરીકેનું પૂર્ણ દાયિત્વ નિભાવ્યું તેને યાદ કરજો.

સરદારના છેલ્લા 'ર'માં રમૂજવૃત્તિ - દુઃખને હસી કાઢવાની શક્તિ સહજ હતી. તેઓ વ્યક્તિ તરીકે પાક્કા અને અભિવ્યક્તિમાં એક્કા હતા. પાંચ ફૂટ સાડા પાંચ ઇંચ જેટલી ઊંચાઈ અને એકસો છેત્તાળીસ રતલ આસપાસનું વજન ધરાવતા વલ્લભભાઈ પાસે અમર્યાદિત, અસાધારણ અજોડ વિનોદવૃત્તિ હતી. તેમની લાયકાત અને વકીલાતથી એમના વાણી-વર્તનમાં વ્યંગરંગ ભળી જતો. સરદારના વિનોદ-સામર્થ્ય વિશે ગાંધીજીએ 'હરિજન' માં લખ્યું છે કે 'મારી પાસે સરદાર રૂપે એક લાડકો વિદૂષક છે. તેઓ મને પોતાની અણધારી

ગમ્મતની વાતોથી હસાવીને લગભગ બેવડ વાળી દે છે. તેમની હાજરીમાં ખિન્નતા પોતાનું ભૂંડું મુખ છુપાવીને ભાગી જાય છે. ગમે તેવી ભારે નિરાશા પણ મને લાંબો વખત ઉદાસ રાખી શકતી નથી. તેઓ મારા 'સાધુપણા'ને પણ છોડતા નથી.' સરદાર ખિન્ન નહીં, પ્રસન્ન રહેવા માટે સર્જાયેલા હતા. સરદારશ્રીના જીવનમાં આ વિનોદનું મુક્ત હાસ્યનું દર્શન કરાવે એવા પ્રસંગોનો થોડોક પરિચય કરીને દુઃખ, આપત્તિ, વિટંબણાને હસી કાઢવાની શક્તિ કેળવવાનું પણ તમે ભૂલશો નહીં.

જન્મથી માંડીને ભણતર સુધી, ભણતરથી માંડીને વકીલાતના આરંભના વર્ષો સુધી વલ્લભભાઈનો જીવનનિર્વાહ આર્થિક સંકડામણ વચ્ચે જ ચાલ્યો હતો. ગોધરામાં ફેલાયેલી પ્લેગની મહામારીમાં, વકીલાતમાંથી ઊભી થયેલી આર્થિક સંકડામણમાંથી બોરસદકાળની વકીલાતમાં બે પાંદડે થવા સાથે, સફળ વકીલ થયા પછી થયેલી નાણાંની છૂટમાં તેમણે પહેલું કામ કુટુંબવત્સલ પરિવારજન તરીકેની ભૂમિકા ભજવવાનું કર્યું હતું. તમે સરદારનું પૂતળું જોવા જાવ ત્યારે દેશના ઘડવૈયા કે ગાંધીજીના લડવૈયાની કુટુંબ વત્સલતા, પરદુઃખ ભંજનની પ્રકૃતિ કે કરુણાસભર, મૃદુ અને લાગણીશીલ હૃદયવાળુ સરદારનું વ્યક્તિત્વ જ સ્મૃતિમાં કાયમ માટે અંકિત કરજો.

બારડોલી, જંગે ખીલ્યું અદકું વલ્લભવીર શૂર
કિસાન સાથી, માનવબંધુ, દિવ્ય શું આતમનૂર.

- રવીન્દ્રનાથ ટાગોર

જેમની નસેનસમાં ખેડૂતનું લોહી વહેતું હતું, એવા સરદાર ટોચ પર પહોંચ્યા પછી પણ ગમાણની ગંધ ભૂલ્યા નહોતા. અંગ્રેજ સરકારની અન્યાયી નીતિની સામે, તેમણે ગાંધીજીનું સત્યાગ્રહનું પાણીદાર શસ્ત્ર ઉઠાવ્યું અને શિસ્ત, ખુમારી અને ખમીરી (જોશ) વડે ભારતના ઈતિહાસમાં બારડોલી પ્રકરણ સુવર્ણ અક્ષરે લખ્યું અને આ લડતમાં વલ્લભભાઈનું ''સૈનિકપણું'' જ નહીં પણ એમનું ''સરદારપણું'' પણ પ્રગટ થયું. આથી જ લોકોના આ સરદારને ગાંધીજીએ પણ 'સરદાર'નું બિરૂદ આપીને નવાજ્યા.

''રખેગા ઈતિહાસ બારડોલી સત્યાગ્રહ યાદ
નૌકરશાહી કે જુલ્મો કી રહી ન થી તાદાદ.
ઈસ સત્યાગ્રહને પાયા થા દેશવ્યાપી વિસ્તાર,
બાપુને થા ઉન્હે પુકાર કહ સબકા સરદાર''

- કમલ સત્યાર્થી

આચાર્ય વિનોબાભાવેએ કહ્યું તેમ ''હિંસક યુદ્ધનું શાસ્ત્ર ઘણું લખાયું છે, પણ અહિંસા યુદ્ધનું શાસ્ત્ર હજી બાકી છે. તે વખતે 'બારડોલી સત્યાગ્રહ' તે શાસ્ત્રના એક સફળ પ્રયોગ તરીકે તેમાં અંકિત થશે.''

વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહ આંદોલનમાં માટીમાંથી મર્દ બનાવી, સબળી સત્તાને થંભાવી, ગુર્જરીમાને શોભા અપાવી, ભારતભર ઉષા પ્રગટાવી તેવાં ખેડૂતોના તારણહારને જય સરદાર, જય સરદાર કહી બિરદાવજો. - તમે માત્ર સરદારનું પૂતળુ ના જોશો.

‘‘અમોઘ તુજ ટાંકણું અજબ હાથ લૈ શિલ્પી,

હે! અખંડ અમ રાષ્ટ્રને અર્પી શી તમે આકૃતિ!’’

- ભાનુપ્રસાદ પંડ્યા

તમને અકબર ધ ગ્રેટ, સિકંદર ધ ગ્રેટ કે મહાનતમ ચંદ્રગુપ્ત મૌર્ય યાદ છે, આ બધાએ કંઈ ૫૬૨ રજવાડાં નહોતા જીત્યા. અરે! એકલું કલિંગ જીતવા જતા સમ્રાટ અશોક આખેઆખો નિર્દોષોના લોહીથી ખરડાઈ ગયો હતો. ત્યારે ૫૬૨ રજવાડાંઓ જીતી લેનાર આ માણસ-સરદારના કફન પર નિર્દોષોના લોહીનું એક ટીપુ પણ પડ્યું નહોતું અને સમ્રાટ અશોક અને અકબરના સમયમાં પણ નહોતું એવું ઈતિહાસકૃત્ય, જેનો જોટો દુનિયાભરમાં જડે તેમ નથી એવું ઈતિહાસકૃત્ય કરીને સરદારે ભારતના નકશાને આજનો જે આકાર આપ્યો અને ભારતની સોનાની થાળીમાં લોખંડની મેખ (ખીલી-ફાચર) લાગવા દેવાના બદલે પોતાની મોહકતા, કુનેહતા અને હિંમત દ્વારા કુશળતાપૂર્વક એકીકરણનો કાર્યભાર ઉપાડી લીધો તે રક્તહીન ક્રાંતિના એક સંક્ષિપ્ત ઈતિહાસ ઉપર દૃષ્ટિપાત કરીને જ તમે સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે જજો.

બીજા વિશ્વયુદ્ધમાં ખોખરી થઈ ગયેલી ઈંગ્લેન્ડની સરકારમાં ભારતમાં અંગ્રેજી રાજ ટકાવી રાખવાની તાકાત ન હોવાથી ભારતને આઝાદી આપવા સિવાય બીજો રસ્તો ન હતો. કોમવાદી વૈમનસ્ય, અંગ્રેજોની ‘‘ભાગલા પાડો અને રાજ કરો’’ની નીતિ અને મુસ્લિમ લીગના આગ્રહી વલણના કારણે ભારતના ભાગલા પાડવાનો આખરી નિર્ણય લેવાયો. અંગ્રેજ અમલદારોએ રજવાડાંઓને ભારત પાકિસ્તાનને સોંપવાના બદલે તમામ રજવાડાંને આઝાદી અને સાર્વભૌમ સત્તા આપી. આમ ૧૯૪૭ના વિભાજનમાં ભારત + પાકિસ્તાન + ૫૬૨ રજવાડાં એમ ભારતના કુલ ૫૬૪ ટુકડા કરી નાખ્યા પછી અંગ્રેજોએ વિદાય લીધી. રજવાડાંની સમસ્યા ઉકેલવા માટે સ્થપાયેલા ખાસ ખાતાનો વહીવટ સરદારને સોંપાયો. પહેલી જ ચાલમાં આખી બાજી હાથમાં લઈને સરદારે ભારતના ભૌગોલિક વિસ્તારમાં આવેલા તમામ રજવાડાં ભારત સરકાર સાથે જોડાઈ જાય તે માટે અનેક મૌખિક અને લેખિત બાંયધરી, ભારત સાથે જોડવાના ફાયદા વગેરે સમજાવ્યા. છતાં સંખ્યાબંધ રજવાડા આડા ફાટ્યા.

ત્રાવણકોરના દીવાન રામસ્વામી અને ભોપાલના નવાબ સ્વતંત્ર રહેવા માગતા હતા. ચેમ્બર ઑફ પ્રિન્સિઝનના ઉપપ્રમુખ જામસાહેબ તમામ રજવાડાનું સંગઠન સાધીને ભારત, પાકિસ્તાન અને રાજસ્થાન એવા ત્રણ ઘટક ઊભા કરવાની મથામણ કરતા હતા. ટચુકડા મુસ્લિમ રાજ્યોને પાકિસ્તાન સાથે જોડાવું હતું. સરહદે આવેલા મહારાજાઓને જિન્નાહ લલચાવી રહ્યા હતા. કાશ્મીરમાં મુસલમાન વસ્તી પર રાજ કરનાર મહારાજા હરિસિંઘ બેમાંથી કયાં જોડાવવું તેની અવઢવમાં હતા. હૈદરાબાદના નિઝામ આઝાદ રાષ્ટ્ર તરીકે

બ્રિટિશ કોમનવેલ્થના સભાસદ બનવા માંગતા હતા. જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથેના જોડાણખત પર સહી કરી આપી હતી. પણ સરદારની દૃઢતા, દૂરંદેશી, રાજકીય કુનેહબાજી, ક્ષતિરહિત મૂલ્યાંકન ક્ષમતા, અસાધારણ યાદશક્તિ, વહીવટી અને સંસ્થાકીય દક્ષતા અને અજોડ કઠોરતાથી આઝાદી પછી દેશી રજવાડાંઓનો અસ્ત આણ્યો અને દેશમાંથી સરકી રહેલી યુનિટીને કેવી રીતે 'સ્ટેચ્યૂ' કહીને રોકી દીધી હતી અને આ દેશને સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને રાજકીય રીતે અખંડ, અતૂટ બનાવી દીધો. દેશની નૌકાને મોજાં, આંધી અને ખડકોથી ભરેલા દરિયામાંથી ભારે સિફતથી કિનારે પહોંચાડી એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કાર્ય કરીને ઈતિહાસનું એક નવું પ્રકરણ રચીને, દુનિયામાં ભારતનું નામ રોશન કર્યું. તમે સ્ટેચ્યુ ઑફ યુનિટી જોવા જાવ ત્યારે આવા વતનપરસ્ત સપૂતને શત્ શત્ વંદન કરજો. ત્યારે રજનીકાંત ભટ્ટની પંક્તિઓ કેટલી યથાર્થ લાગે છે!

''તમે કાતર બેધારી ધકેલી દીધી,

દેશની એકતા કાજે સોયને હાથમાં લીધી.''

૧૯૪૭ના જાન્યુઆરીની ૨૭મી તારીખે અમેરિકાના જાણીતા TIME મેગેઝિનની કવર સ્ટોરી સરદાર પર હતી. કવર પર સરદારનો ફોટો છપાયો હતો અને એ સાથે પુરુષત્વના પ્રતિક તરીકે રીષભ પણ બતાવાયો છે. એ વખતે આપણને 'સ્વરાજ' મળ્યું નહોતું. પણ તે માટેની તારીખ નક્કી થઈ ચૂકી હતી. મેગેઝિને કરેલ કવર સ્ટોરીનું હેડિંગ હતું, 'THE BOSS' કવર પેજના ફોટોની નીચે લખ્યું હતું કે, 'A Bald Dilemma And Sharp right horn.'

(ટાલવાળી મૂંઝવણ અને જમણા હાથનો તીક્ષ્ણ શિંગડો)

આજથી આઠ આઠ દાયકા પહેલાં વિદેશી ધરતી પર સરદારે પોતાના નામનો ડંકો વગાડ્યો હતો, ત્યારે આપણા જ મલકની માટીથી મહેંકતા આ મહાન માનવીની અસ્મિતાને સાચવવાનો તમે સંનિષ્ઠ પ્રયાસ કરજો.

૧૫મી માર્ચ, ૧૯૪૬થી ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭નો કાલખંડ ભારત અને પાકિસ્તાનનું ભાવિ ઘડનારો હતો. આ દોઢેક વર્ષનો ઈતિહાસ તપાસીએ તો ગાંધીજી, નહેરુ, સરદાર વગેરે નેતાઓનો સુવર્ણકાળ હતો. ત્યારે મહમ્મદઅલી ઝીણાને જો કોઈએ કદ પ્રમાણે વેતર્યા હોય તો એકમાત્ર સરદારે. સરદાર હોવું એટલે જ્યાં સુધી તમે કન્વીન્સ ન થાવ ત્યાં સુધી કોઈની પણ વાતમાં ન આવવું. એ ઝીણાની યોજનાઓ તોડી પાડતી વખતે સરદારે ગાંધીજીની પણ આમન્યા નહોતી રાખી. આ ગાળામાં સરદારે જે ભૂમિકા ભજવી, ઝીણાને જે રીતે હાવી થતાં અટકાવ્યા અને પરિણામ સ્વરૂપે હાલના ભારતની રચના થઈ. સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે તમે જાવ ત્યારે સરદારનો ગગનચુંબી સંકલ્પ જોવા જજો,

સરદારની અડીખમ તાકાતને જોવા જ. જો કે જેઓ હૈદરાબાદ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીમાં નહેરુ સામે પણ ઝૂક્યા નહીં.

કવિ વ્રજ માતરીએ કહ્યું તેમ, સરદારે ગાંધી મનની ગીતા વાંચી અને કર્મનો કક્કો ઘૂંટ્યો.'

ગાંધીજીના આજ્ઞાંકિત અનુયાયી તરીકે એમણે એકવાર કોંગ્રેસના પ્રમુખપદનો અસ્વીકાર કર્યો હતો. જ્યારે આઝાદી પછી સમગ્ર દેશ જેને વડાપ્રધાન તરીકે જોવા ઇચ્છતો હોય, ૧૫ પ્રાંતિક સભાઓમાંથી ૧૨ પ્રાંતિક સભાઓ પણ સરદારના શિરે જ રાજમુકુટ મૂકવાની દરખાસ્ત રજૂ કરતી હોય એવા સમયે બાપુ પરત્વેની અનન્ય ભક્તિ અને કોંગ્રેસ પ્રત્યેની વફાદારીને કારણે હસતા હસતા વડાપ્રધાન પદ માટે નહેરુનો માર્ગ મોકળો કરી દીધો અને એક પણ હરફ ઉચ્ચાર્યા વિના, કટોકટી ઊભી કર્યા વિના, એકદમ સરળતાથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા પત્ર પર સહી કરી આપી. ગાંધીજીના એક જ ઈશારે સરદાર પટેલે વડાપ્રધાન પદ જતું કર્યા પછી પણ દેશનું અતિસુંદર બંધારણ ઘડ્યું અને લોકશાહીના માર્ગે આ દેશને મૂકી દીધો. સરદાર હોવું એટલે એકવાર કન્વીન્સ થઈ જાવ પછી એક જ ઝાટકે બધું છોડીને યા હોમ કરીને કૂદી પડવું એ.

''બાપુ તણાં સૌ અગિયાર સુવ્રતો
આચારમાં પૂર્ણ મૂક્યા સદ્ તમે,
સંતો તણાયે પ્રિય સંત આપ છો
સર્વોચ્ચ સંન્યાસી તપસ્વી તમે.''

- કવિ ડાહ્યાભાઈ પટેલ (લંડન)

ખરેખર, સરદાર મુત્સદ્દી-રાજપુરુષ અવશ્ય હતા. પણ તેઓ સત્તાકારણી કે રાજકારણી ન હતા. સરદાર કહેતાં, ''હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું, આખું હિન્દુસ્તાન મારું ગામ છે, અઢારે વર્ણ મારા ભાઈભાંડુ છે.''

અંગ્રેજ અમલદારો, પોલીસવાળા કે મેજીસ્ટ્રેટ સુદ્ધાંને ખોટી વાતમાં ઉધડો લેવાની હિંમત, વિચક્ષણ બુદ્ધિ, સામા માણસનો તાગ લેવાની શક્તિ અને પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ કરવાની કાર્યક્ષમતા, નીડરતા, બુદ્ધિ કૌશલ્ય અને સમયસૂચકતાના ગુણવિશેષો ધરાવતા સરદારને ફરી પામવા માટે ઈશ્વરને પ્રાર્થના કરજો કે,

''ઉઠાડે દેશને ઉંઘમાંથી, એવો રણકાર જોઈએ છે,
દેશને ફરી પાછો, બસ એક સરદાર જોઈએ છે.''

આઝાદી પછી એક સંગીન, નક્કર અને મજબૂત રાષ્ટ્ર બનવાની સાથે રાજ્ય નિર્માણ અને રાષ્ટ્ર ઘડતરનો પ્રશ્ન પણ મહત્ત્વનો હતો. ત્યારે દેશનું શાસન સંક્રાંતિકાળના પડકારોને ઝીલી લે તે રીતે વર્ષો સુધી ચલાવીને પક્ષ નિર્માણ, રાજ્ય નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણ એ ત્રણે કક્ષાએ એક જ વ્યક્તિએ, એક જ નેતાએ આ પ્રકારનું પ્રદાન કર્યું હોય તો તેમાં સરદારશ્રીનું નામ પ્રથમ મૂકવાનું ભૂલશો નહીં. અમદાવાદ નગરપાલિકાને દિવસ-રાતનો અથાગ શ્રમ અને તપશ્ચર્યાથી પ્રાણવાન અને સૌથી સફળ, કાર્યક્ષમ અને પ્રોત્સાહક સંસ્થા બનાવી. અમદાવાદ શહેર સુધરાઈમાં સરકારી તંત્ર સામે ઝંપલાવીને પોતાની કુશાગ્ર બુદ્ધિથી

શહેરના જાહેર જીવનને ધબકતું બનાવ્યું. આખા શહેરને ડ્રેનેજ મળી, પાણીની રાહત થઈ, શહેરના રસ્તા સુધર્યા, લોકોની સુખશાંતિ વધી. શહેરના સાંસ્કૃતિક વિકાસમાં, આરોગ્ય સુધારમાં, સુંદર સ્થાપત્યમાં, પ્રજાના શારીરિક, માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ્યની સગવડો ઊભી કરવામાં, હોસ્પિટલો, પ્રસૂતિગૃહો, રમ્ય અને આહલાદ્ક કાંકરિયા તળાવ બનાવીને, બગીચાઓનું નિર્માણ કરીને અમદાવાદની શાન બદલી નાંખી. તમે સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે જાવ ત્યારે ૧૫૫૫ દિવસ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે નિઃસ્વાર્થ સેવા આપનાર આધુનિક અમદાવાદના આ ઘડવૈયાને ભૂલશો નહીં.

અને હા! તમે સ્ટેચ્યુ ઑફ યુનિટીને જુઓ ત્યારે તેમની ધોતીના સળને જોતાં જોતાં એટલું યાદ કરજો કે તેમની કિતાબને ઉથલાવતા ક્યાંય પણ શોધ્યો જડશે નહીં શબ્દ ભય! એનો પુરાવો છે કે શાહપુર દરવાજાની દિવાલો પાછળ દારૂ ગાળવાનું કામ થતું હતું એ તોડાવીને સરદારે માથાભારે માણસો સાથે કામ પાર પાડ્યું. તો સાથે એ પણ ના ભૂલશો કે રિલીફ રોડ બનાવવાનો તથા એલિસબ્રિજ બહાર શહેરની પહેલી હાઉસિંગ સોસાયટી પ્રિતમનગરનો યશ પણ સરદારને જ જાય છે. ત્યારે અમદાવાદના રહીશ તરીકે સરદાર સાહેબનું પુણ્ય સ્મરણ કરવાની તક ઝડપી લેજો.

ભારતના મશહૂર શિલ્પકાર રામ વી. સુતાર દ્વારા નિર્મિત ૧૮૨ મીટર ઊંચી સરદારની પ્રતિમા દ્વારા ભારતના આ એક મહાનુભાવને ભાવભીની શ્રદ્ધાંજલિ આપતી વખતે વિરાટ મેદનીને સંબોધતા સમયે પ્રસંગે પ્રસંગે પ્રગટતી અને પલટાતી એમના મુખારવિંદની ભાવવાહી રેખાકૃતિઓને પણ જરા સ્મરી લેજો. હાસ્ય વેરતી અને વિનોદવૃત્તિથી ઓપતી તેમના ચહેરાની ભાવમુદ્રાઓને નીરખીને તો એટલું જ સંભારજો કે મુશ્કેલીઓનો કાળ હોય કે વિજયની ક્ષણો પણ જેના પર અચૂક ભરોસો મૂકી શકાય તેવા એકમાત્ર સરદાર હતા.

સરદારે રાજકારણમાં માત્ર પ્રમાણિકતા શબ્દ નહોતો વાપર્યો, તેઓ રાજકીય પ્રમાણિકતામાં માનતા હતા. સરદાર જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, ભાષાવાદના વિરોધી હતા. સરદાર જેવી રાજકીય ઈમાનદારીનો જોટો ભારતના ઈતિહાસમાં જડે તેમ નથી. સરદારે પોતાના પુત્ર ડાહ્યાભાઈને પણ સરકારી બંગલામાં રહેવાની પરવાનગી નહોતી આપી.

સત્યાગ્રહની લડત, રાજકારણી દાવપેચ, અકળાવનારા રાષ્ટ્રહિતના પ્રશ્નોમાં તેઓ ઠંડી તાકાતથી ઝઝૂમ્યા છે, ક્યારેય ઝૂક્યા નથી, અહિંસાનો માર્ગ મૂક્યો નથી. સત્ય - ન્યાયનો પથ પણ ચૂક્યા નથી, ગાંધી ભક્તિમાં ક્યારેય ડગ્યા નથી, વ્યક્તિગત હિતમાં રહ્યા નથી અને સમર્પણ આપવામાં ક્યારેય વિચલિત થયા નથી. તમે 'યુનિટી'ની 'વ્યુઈંગ ગેલેરી, એ પહોંચો ત્યારે ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી (૧૯૯૧) સન્માનિત

થયેલા સરદાર વલ્લભભાઈ પટેલના ચરણે માથું નમાવી લેજો.

સરદાર વલ્લભભાઈ પટેલ ૧૯૫૦ના ડિસેમ્બરની ૧૫મી તારીખે વિલિન થયા. ત્યારે એમનું બેંક બેલેન્સ માત્ર રૂ. ૨૬૦ હતું. જે બતાવે છે કે સરદાર હોવું એટલે સત્તાના રખેવાળ હોવું એ નહીં પણ સરદાર હોવું એટલે રખેવાળોની સત્તા હોવી એ. આથી જ જીવ્યા ત્યાં સુધી કોંગ્રેસ પક્ષના ખજાનચી રહેવા છતાં, ઉપરાંત ભારતના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન પદ પર ત્રણ વર્ષથી વધુ સમય સુધી કામ કર્યા પછી પણ જેની મિલકત આટલી ઓછી હોય. એટલું જ નહીં પણ પોતાના નામ ઉપર ખૂબ મોટું ફંડ ભેગું કર્યું હોવા છતાં પણ ક્યારેય એક રાતી પાઈ પણ પોતાના માટે ના વાપરી. પહેરવાના ચશ્મા ૩૦-૩૦ વર્ષ સુધી એકના એક ચલાવે કે વાંચવાના ચશ્માની દાંડી તૂટી જાય તો દોરી બાંધીને ખેંચ્યે રાખે. પ્રજાના પૈસાનો ખૂબ જ કરકસરપૂર્વક ઉપયોગ કરે. ત્યારે કંચનના આ ત્યાગીના કપાળ ઉપર ઉપસતી કરચલી નહીં પણ ભાગ્યરેખાને નિરખજો.

સરદાર કહેતાં : ''સમજ્યા વિના એક હાથની પોતડી પહેરીને ફરનારાની પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી.'' ગાંધીજી પ્રેરિત સેવા અને સાદગીના પ્રતિક સમા આ મહાન સપૂતની સંપત્તિ સમાન કેટલાંક ચિહ્નો જેવાં કે હાથે કાંતેલી ખાદીના પહેરણ, જાકીટ, ધોતિયું, એલ્યુમિનિયમના બે લોટા, લોખંડની પેટી, પગરખાં, ટિફિન, રેંટિયો, પેન, ભગવદ્ ગીતા વગેરે તેમની ખાનગી સંપત્તિ રૂપે પ્રાપ્ત થયા હતા. ત્યારે સાબરમતીના સાન્નિધ્યમાં સ્થાપત્યકીય કલામયતા, ભવ્યતા અને વિશાળતાના લક્ષણો ધરાવતી સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકની ઐતિહાસિક ઈમારત, ઈતિહાસના પાનાઓને આલેખતી, સાંપ્રત ઘટનાઓને વાગોળતી એક અદ્‌ભુત ગાથાને જોવાનું પણ ચૂકશો નહીં.

સરદારે પોતાનું જીવન દેશ માટે ન્યૌચ્છાવર કરી દીધું હતું. તેઓ દેશના સરદાર હતા. દિલ્હીમાં મોટાભાગના બધાં જ રાજનેતાઓની સમાધિ છે. પણ સરદારની કોઈ સમાધિ નથી. નહેરુની સમાધિ શાંતિવન, શાસ્ત્રીજીની સમાધિ વિજયઘાટ, ઈન્દિરા ગાંધીની સમાધિ શક્તિ સ્થળ, રાજીવ ગાંધીની સમાધિ વીરભૂમિ છે. પણ દેશને જેના પર અભિમાન છે તેવા સરદારની સમાધિ ક્યાંય નથી. વળી તેમના મૃત્યુના છેક ૪૧ વર્ષ પછી (૧૯૫૦-૧૯૯૧) તેમને મરણોત્તર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દેશના આ સિંહપુરુષની ગમે તેટલી અવગણના, અવહેલના છતાં ''यही प्रसिद्ध लोह का पुरुष प्रबल'' (હરિવંશરાય બચ્ચન) એવા સરદારનું કદ વધતું જ ગયું છે, તે જોવા સ્ટેચ્યુ ઑફ યુનિટી જરૂરથી જજો.

ત્યારે કવિ બાલમુકુન્દ દવેની કેટલીક પંક્તિઓ યથાર્થ સાબિત થાય છે કે,

'ગુજરાતમાં ચારુતરે
કસદાર કાચા સ્વર્ણ શી જ્યાં છે ધરા
ત્યાં એક એવું વજ્ર કેરું પુષ્પ ખીલ્યું
જે કદીય કાળ કેરી ઝાળથી કરમાય ના.'

# સરદારનો પત્ર (વિભાજનના પ્રશ્નો)

અખંડ ભારતના વિભાજનનો નિર્ણય થયા પછી જે પ્રશ્નો આવવાના હતા, તે અંગે સરદાર ખૂબ જ સજાગ અને દૂરંદેશી હતા. તે અંગેની પ્રતિતિ સરદાર પટેલના માઉન્ટ બેટન પર લખાયેલા નીચેના પત્રથી થાય છે. સરદારનો આ પત્ર શબ્દશઃ વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ.

- તંત્રી

**માઉન્ટ બેટન પર સરદારનો પત્ર**

**૯ જુલાઈ, ૧૯૪૭**

વિભાજનને પરિણામે વહીવટી તંત્રને ભાંગી પડતું ખાળવા માટે અને તેમાં અંધાધૂંધી ફેલાતી અટકાવવા માટે ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે અથવા તેની આસપાસના દિવસોએ અનેકવિધ વહીવટી ગોઠવણો કરવી પડશે. દાખલા તરીકે પાકિસ્તાન ચાલ્યા જનાર લોકોની જગ્યાએ તાર, રેલવે, નાગરિક ઉડ્ડયન ઈત્યાદિક કાર્યોનું સંચાલન કરનાર તથા કામસેવા બજાવનાર લોકોની જરૂર પડશે. વળી પાકિસ્તાન માટે સાધનસામગ્રી તથા સરંજામ મોકલવાના કામ માટે અને ભારતમાં રાખવાનો માલસામાન કબજે લેવા માટે તેમ જ ઉલટ પક્ષે પાકિસ્તાની પ્રદેશમાં પણ આ પ્રકારનાં કાર્યો બજાવવા માટે અસરો અને કાર્યકરોની જરૂર પડશે. કેટલાક રેડિયો સ્ટેશન પાકિસ્તાનને સોંપાઈ જતાં હોવાથી તાર-ટપાલ ખાતાએ તથા નાગરિક ઉડ્ડયન ખાતાએ સંદેશા-વિનિમય માટેની અત્યારની ગોઠવણોમાં જરૂરી ફેરફારો કરવા પડશે. નાગરિક ઉડ્ડયન ખાતાને તેમ જ અન્ય ખાતાંઓને હવામાન સંબંધેની ખબરો પહોંચાડવા માટેની હવામાન ખાતાની તંત્રવ્યવસ્થામાં પણ થોડા ફેરફાર કરવા પડશે. પાકિસ્તાનમાં આવેલી તિજોરી કચેરીઓ તેમજ તિજોરી કચેરી તરીકે કામ બજાવનાર ઈમ્પિરિયલ બૅન્કની શાખાઓમાં ૧૪મી ઑગસ્ટે જે રોકડ નાણાં તથા અન્ય ભંડોળ હોય તેનો તાળો મેળવી લેવા માટે નાણા ખાતાએ ગોઠવણ કરવી પડશે. આ તો માત્ર કેટલાક પહેલી નજરે દેખાઈ આવતા દાખલાઓ છે. આવકવેરા, જકાત તથા આબકારી જકાત ખાતાંઓ જેવાં અનેક વહીવટી તંત્રોએ ઊંડા ઊતરીને કામ બજાવવું પડે તેવી અગણિત બાબતો ઊભી થશે. આમાંથી કેટલીક બાબતોમાં તો જે કાર્ય બજાવવાનું છે તે અંગેના નિર્ણયો અગાઉથી જ કરી લેવામાં આવ્યા હશે. પણ બીજી અનેક બાબતોમાં વિભાજન કાઉન્સિલ ફેંસલો કરે ત્યાં સુધી કશા નિર્ણય લઈ શકાય તેમ નથી. આવી બધી બાબતોમાં વિકલ્પી યોજનાઓ તૈયાર રાખવી પડશે કે જેથી વિભાજન કાઉન્સિલનો ફેંસલો આવે કે તરત જ તેમાંથી એકનો અમલ

શરૂ કરી દઈ શકાય. આ રીતે એ સ્પષ્ટ થઈ જાય છે કે વિભાજનના સીધા પરિણામરૂપે અત્યંત વિશાળ ક્ષેત્રને આવરી લેતી વહીવટી ગોઠવણો કરવી પડશે. આ માટેનાં જરૂરી પ્રાથમિક કાર્યો સમયસર બજાવી શકાય તેવા હેતુથી એવી ગોઠવણ કરવી અત્યંત આવશ્યક છે કે તમામ ખાતાંઓમાં મહત્ત્વનાં સ્થાનો અને તેની જોડે સંકળાયેલાં તથા નીચલાં સ્થાનોએ પણ ભારતમાં જ રહેવાનો નિર્ણય કરનાર અધિકારીઓને પંદરમી ઑગસ્ટની ઠીક ઠીક અગાઉ ગોઠવી દેવા.

વળી એ પણ સ્પષ્ટ છે કે જેમણે પાકિસ્તાનની પસંદગી કરી છે તેઓ ભારતનું હિત સંભાળવા માટે ઉત્સુક નહીં હોય; એટલું જ નહીં પણ ભારતનું હિત જોખમાવીને પણ પાકિસ્તાનનું હિત સાધી લેવા માટે પોતાનાથી બને તેટલું કરવામાં તેમનું મન લાગ્યું હશે. મહત્ત્વની બાબતો બાજુએ મૂકીએ તો પણ રોજબરોજના વહીવટી કાર્યમાં પણ આ અધિકારીઓ સહકાર આપે તેવી અપેક્ષા આપણે રાખી શકીએ નહીં. આમાંથી કેટલાક અધિકારીઓનો ઉત્સાહ તેમના શાણપણની મર્યાદા ઓળંગી જાય તેવી સંભાવના પણ ઉવેખી શકાય નહીં અને કેટલાંક ચાવીરૂપ ખાતાંઓમાં દાખલા તરીકે ટેલિફોન ખાતામાં ભાંગફોડના જોખમ સામે પણ આપણે તકેદારી રાખવી પડશે. આ સંજોગોને કારણે મારા મંતવ્ય મુજબ એવી જરૂરિયાત ઊભી થઈ છે કે આવા અધિકારીઓને તેમની રોજિંદી વહીવટી જવાબદારીઓમાંથી છૂટા કરી દેવા જોઈએ અને તેમને સ્થાને ભારતની સેવા બજાવવાનું પસંદ કરનાર અધિકારીઓને બનતી ત્વરાએ ગોઠવી દેવા જોઈએ. પાકિસ્તાન જવા ઉત્સુક અધિકારીઓને કામચલાઉ કોઈ ખાસ ફરજ પર મૂકી શકાય અથવા તો પોતાની નવી ફરજ પર મૂકી શકાય અથવા તો પોતાની નવી ફરજ બજાવવા માટે હાજર થવાનો ખાસ સમય આપીએ.

આ ફેરફાર તાબડતોબ કરી નાખવો જોઈએ તેવું મારું સૂચન છે.

સંકલન : સરદાર પટેલ પસંદ કરેલા પત્રવ્યવહાર

વી. શંકર, નવજીવન પ્રકાશન

### સરદારની ખુમારી

કૉંગ્રેસ માટે ફંડ ઉઘરાવવાનું કામ મુખ્યત્વે સરદાર કરતા કૉંગ્રેસ ચૂંટણી બોર્ડના અધ્યક્ષ મૌલાના આઝાદ હતા. વલ્લભભાઈને વ્યવસ્થાપક સભાસદ તરીકે નિમાવામાં આવ્યા અને બોર્ડના સેક્રેટરી તરીકે સમાજવાદી ભૂતકાળ ધરાવતા શાંતિલાલ શાહ જોડાયા. તેમણે એક પ્રસંગ યાદ કર્યો છે.

પોતાની ખરાબ છાપ સુધારવા માટે એક મોટા ઉદ્યોગપતિએ મને (શાંતિલાલ શાહ) સંદેશો મોકલાવ્યો કે પોતે ચૂંટણી ફંડમાં બે લાખ રૂપિયા આપી શકે? સરદારની રજા લઈને મેં (શાંતિલાલ શાહ) કહેવડાવ્યું કે અમે રકમ સ્વીકારીશું. પેલા માણસે કહ્યું કે સરદાર મારે ત્યાં ચા પીવા આવશે? તે વખતે ચેક આપી દઈશ. સરદાર સાહેબે મને કહ્યું ''તેને કહેજો હું કંઈ ભીખ નથી માંગતો અને ઘરે પણ જવાનો નથી.'' સરદાર કંઈ ગયા નહીં પણ બે લાખ રૂપિયા આવી ગયા.

# કાશ્મીર અંગે સરદાર પટેલ - નેહરુના પત્રો

કાશ્મીર અંગે નેહરુ અને સરદારના મતભેદો અંગે ઘણી ચર્ચાઓ, માહિતીઓ અને ગેરસમજો છે. નીચે રજૂ કરવામાં આવેલા પત્રોમાં બંને મહાનુભાવોની ચિંતા અને તે સમયની પરિસ્થિતિના આંકલન તેમજ વિચારો તેમના શબ્દોમાં રજૂ કરીએ છીએ.

- તંત્રી

**સરદાર પટેલનો નહેરુ પરનો પત્ર**

**૬ જૂન, ૧૯૪૮**

કાશ્મીરમાં થયેલા અનુભવે આપણને બતાવ્યું છે કે લશ્કરી કામગીરી શરૂ કરવી સહેલી છે પણ એનો અંત લાવવો અઘરો છે. મને લાગે છે કે કાશ્મીરમાં આપણા સૈન્યના અફસરો અને સૈનિકોએ કરેલું કામ એકંદરે ખોટું નથી. હું આ પ્રશ્નમાં ઠીક ઠીક ઊંડો ઊતર્યો છું અને એમને જે જબરજસ્ત મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તે મેં તોળી જોઈ છે. એમણે ભૂલો કરી છે તો ઘણી વાર બિનજરૂરી સાવધાની રાખી છે. તેમ છતાં એકંદરે એમણે સારું કામ કર્યું છે. આ કામગીરી માથે લેવામાં સમાયેલી જબરજસ્ત મુશ્કેલીઓ ઘણાખરા લોકો સમજતા હોય એમ મને નથી લાગતું. આ ક્ષણે તો જરાયે શંકા નથી કે પાકિસ્તાનનું સૈન્ય અથવા એનો એક ભાગ, કાશ્મીરના પ્રદેશમાં આપણી સામે કામગીરી બજાવી રહ્યાં છે. એમને આપણા કરતાં ઘણો મોટો ભૌગોલિક લાભ છે. કાશ્મીર ઘણો મોટો વિસ્તાર છે અને લશ્કરી કામગીરીની દૃષ્ટિએ અત્યંત મુશ્કેલ ધરતી ત્યાં છે. વળી શિયાળામાં આબોહવા બહુ આકરી હોય છે, અને લદ્દાખની ખીણ જેવા વિશાળ પ્રદેશોમાં શિયાળામાં જઈ જ શકાતું નથી. લશ્કરી સેનાપતિને જે પહેલો જ પાઠ શીખવવામાં આવે છે તે એકત્રીકરણનો હોય છે. યુદ્ધમાં દળોને છૂટા પાડી નાખવામાં બહુ જ મોટું જોખમ રહેલું હોય છે. આ એકત્રીકરણને લીધે મોટા મોટા વિસ્તારો રક્ષણ વિનાના રહી જાય છે. માત્ર આપણે જે દળોનો ઉપયોગ કરીએ તેની સંખ્યા ઘણી જ મોટી હોય તો જ આમ ન બને. અને તોયે દરેક ડુંગર, ખીણ કે ગુફાની ચોકી કરવી એ લગભગ અશક્ય છે. આપણે જીવતા માટે અને શત્રુને તોડી પાડવા માટે લડીએ છીએ, જ્યારે એ લોકો આપણને પજવવા, હેરાન કરવા અને નુકસાન કરવા લડે છે. એમની પદ્ધતિમાં એકત્રીકરણની જરૂર નથી. ગમે તેમ પણ આપણે તો આપણું લશ્કર જેવું છે તેવું જ સમજીને તેનો વિચાર કરવાનો છે, એ કેવું હોવું જોઈએ તેની ગણતરીથી નહીં. ટેકનિકલ બાબતમાં આપણે આપણા લશ્કરી નિષ્ણાંતોનો લાભ લેવાનો છે. જ્યાં લશ્કરી કામગીરી સંડોવાઈ હોય અથવા સંડોવાય એવો સંભવ હોય

ત્યાં આપણી નીતિ લશ્કરી નિષ્ણાતોની સમજણ મુજબની પરિસ્થિતિની નક્કર હકીકતોને ઉવેખી શકે નહીં. મને જરાયે શંકા નથી કે આપણા અફસરો કાશ્મીરમાં કંઈક પરિણામ લાવવા અતિશય આતુર છે. એમની પોતાની પ્રતિષ્ઠાનો પણ તેના પર આધાર છે. આપણે લશ્કર વિશે અસંતોષ વ્યક્ત કરીને પરિણામ નહીં આણી શકીએ. લશ્કર પોતે જે કરવા શક્તિમાન હોય તે કરતાં વધુ નહીં કરી શકે. ડોમેલ-મુઝફરાબાદ પાસે ચાલી રહેલી લડાઈ ખૂબ મહત્ત્વની છે અને એટલે જ પાકિસ્તાને પોતાનાં દળો અને થોડાંક બખ્તરિયાં દળો એમાં ઝીંક્યા છે. ત્યાં આપણા વિજયને લીધે આપણી કામગીરીમાં ઘણો ફેર પડશે એમાં શંકા નથી. આને લીધે પાકિસ્તાન આપણો વિજય અટકાવવા એનાથી બનતું બધું જ કરી છૂટશે.

મેં તમને કાશ્મીર વિશે લખ્યું જ છે. મેં ત્યાં જોયું કે કાશ્મીરની સરકારે પ્રચારને સ્વરૂપે ઘણો સારો પ્રયત્ન કર્યો છે. એ લોકોએ આકર્ષક પુસ્તિકાઓ પ્રગટ કરી છે અને આ સંઘર્ષ વિશે અસરકારક લોકપ્રિય નાટકો અનેક શહેરી વિસ્તારોમાં અને ગ્રામવિસ્તારોમાં ભજવાય છે. એમની મુશ્કેલી કાગળની અને પ્રસારણની સાધનસામગ્રીની છે. પાકિસ્તાન રેડિયો ચોપાનિયાંએ પ્રગટ કરેલા અત્યંત હલકટ જૂઠાણાંનો પુનરુચ્ચાર કરે છે એને અટકાવવાનો એકમાત્ર રસ્તો આપણાં પોતાનાં પ્રસારણો કરવાનો છે. એથી આ વસ્તુ બહુ તાકીદની બની જાય છે.

કાશ્મીરમાં પ્રચાર કરતી વેળાએ ત્યાંની મુસ્લિમ અને બિનમુસ્લિમ બંને પ્રજાનું માનસ લક્ષમાં રાખવું જોઈએ. આ બાજુ કે તે બાજુનો ફેર સમજી શકે તેવી બહુસંખ્યક જનતાને ઉદ્દેશીને પ્રચાર થવો જોઈએ. મને કહેવામાં આવ્યું છે કે આકાશવાણીનાં કાશ્મીરી ભાષાનાં પ્રસારણો ફિક્કાં હોય છે અને કાશ્મીરના શ્રોતાઓને અપીલ કરતાં નથી. આપણાં પ્રસારણો માટે ભૂમિકા પૂરી પાડવા કોઈ કુશળ કાશ્મીરીને એની સાથે જોડવો જરૂરી લાગે છે.

કાશ્મીરની પરિસ્થિતિના મારા અભ્યાસે મને એમ માનવા પ્રેર્યો છે કે મહારાજા પોતાની વાજબી ભૂમિકા ભજવી શકે તેમ નથી. એમને એ કેમ ભજવવી તેની ખબર જ નથી. જ્યારે એમને સર્વસ્વ ગુમાવવાનો વખત આવે એવો સંભવ છે ત્યારે તેમને નાની નાની બાબતોને વળગી રહેવું છે. એમને એ ખ્યાલ નથી આવતો કે આંતરિક રીતે પ્રજા પર અને બાહ્ય રીતે વિદેશી નિરીક્ષકો પર આની ખરાબ અસર થાય છે. શ્રીનગરમાંની એમની ફક્ત ગેરહાજરી જ કડવો વિરોધ જગાડે છે કારણ કે જરા પણ મહત્ત્વની એકેએક વ્યક્તિ અત્યારે શ્રીનગરમાં રહીને જ કામગીરી બજાવે છે. લશ્કરી પરિસ્થિતિ પણ એ જ માગે છે.

આ વાત પરથી મને રાજ્યનાં દળોનો વિચાર આવે છે. એ દળો મદદરૂપ નથી રહ્યાં એટલું જ નહીં પણ એ ભારે ઉપદ્રવ સમાં બની ગયાં છે. એમની નિષ્ક્રિયતાથી અને એમના ડરપોકપણાથી એમણે આપણા હેતુને નુકસાન

કર્યું છે. એમને સીધાં કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે ભારતીય સેના આ દળોને પૂરેપૂરાં અંકુશમાં લઈ લે. અલબત્ત એનો અર્થ એવો નહીં કે એક જુદા દળ તરીકે એનું અસ્તિત્વ મટી જશે અથવા ભારતીય લશ્કરમાં એ ભળી જશે. રાજ્યની સેના જુદી જ રહેશે અને આપણા સૈનિકો પાછા આવતાં રહેવાનું નક્કી કરશે ત્યારેય આ દળ કાશ્મીરમાં રહેશે જ. આપણા પોતાના અફસરો પણ બહુ જોરથી આમ માને છે અને અત્યારના સંજોગોમાં તેઓ રાજ્યની સેનાનો પૂરો ઉપયોગ કરી શકતા નથી. એટલે આવી બાબતમાં ત્વરિત પગલાં લેવાનું લશ્કરી કામગીરીની દૃષ્ટિએ તથા લોકમત લેવાની શક્યતાની દૃષ્ટિએ પણ તાકીદનું બની ગયું છે. મહારાજા ઉનાળાના મહિનાઓનો મોટો ભાગ શ્રીનગરમાં રહે એ પણ એટલું જ અગત્યનું છે, કારણ કે શ્રીનગર જ એવું સ્થળ છે જ્યાં મુલ્કી અધિકારીઓને અને લશ્કરી સેનાપતિઓને અગત્યના નિર્ણયો લેવાના હોય છે. મહારાજા શ્રીનગરમાં ન રહે તો આ બધાના સંપર્કમાં ન રહી શકે, બીજાં કેટલાંક દૃષ્ટિબિંદુથી પણ એ ઉનાળામાં લાંબો વખત જમ્મુમાં રહે તે ઇચ્છવા યોગ્ય નથી. મહારાજા આખો ઉનાળો કાશ્મીરમાં રહેતા એ જૂની નીતિથી પણ આ તદ્દન વિરોધી વાત છે.

સંકલન : સરદાર પટેલ પસંદ કરેલા પત્રવ્યવહાર

વી. શંકર, નવજીવન પ્રકાશન

---

### જવાહરલાલ નેહરુનો સરદાર પર પત્ર

**૪ જૂન, ૧૯૪૮**

કાશ્મીરની બાબતમાં મારે કબૂલ કરવું જોઈએ કે લશ્કરી પરિસ્થિતિથી મને જરાયે સંતોષ નથી. માણસો અને સાધનસામગ્રી ઝીંક્યા છતાંયે આપણે બહુ આગળ વધતા જણાતા નથી. ઑલિવર ટ્વિસ્ટની જેમ લશ્કરી સેનાપતિઓ હમેશાં વધુ ને વધુ માગે છે અને જરૂરિયાતના તેમના અંદાજ સતત બદલાતા રહે છે. ૧૯૪૭ના ડિસેમ્બરમાં જે સાચું હતું તે ચાર-પાંચ અઠવાડિયાં પછી, હું જાન્યુઆરીની અધવચ ત્યાં ગયો ત્યારે, બદલાઈ ગયું. એ વખતે સાચું હતું તે બે મહિના પછી બદલાઈ ગયું હશે. આખરે આક્રમણાત્મક કામગીરી શરૂ કરી પણ આપણે ધાર્યું હતું એટલું અને એટલી ઝડપથી સિદ્ધ કર્યું હોય એમ જણાતું નથી. હવે લેહ ઉપર જોખમ આવી પડ્યું છે અને કારગિલ અને દ્રાસ દુશ્મનના કબજામાં પડ્યાં છે, હું માનું છું કે આ બંને વ્યૂહાત્મક સ્થળો છે.

તમે લદ્દાખ અને સ્કાર્ડુમાં રહેલા રાજ્યના સૈન્યમાંથી ભાગી જનારાઓની વાત કરો છો. આ લડાઈ શરૂ થઈ ત્યારથી રાજ્યના સૈનિકોની પ્રણાલિકા સાથે એ સુસંગત જ છે એટલે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. કાશ્મીરની આંતરિક પરિસ્થિતિ અંગે, તમે પ્રચારની ઉપયોગિતા ઉપર અને કાશ્મીરી પંડિતોના વલણ ઉપર ભાર મૂક્યો છે તે સાચો છે. કાશ્મીરી પંડિતોના વલણથી મને ખાસ દુઃખ થાય છે. જો આ લોકોને જ આપણાં શસ્ત્રોની અસરકારકતામાં કે સ્થાનિક વહીવટી તંત્રની ટકી રહેવાની શક્તિમાં વિશ્વાસ રહ્યો ન હોય તો ગામડાંના ઓછા સુધરેલા માણસોનું વલણ કેવું હશે?

દુર્ભાગ્યે આપણે આંતરિક પ્રચારની બાબતમાં ખાસ કંઈ કરી શક્યા નથી, કારણ કે પ્રચારના સાધનો જમ્મુ અને કાશ્મીરની સરકારના જ સુવાંગ અંકુશ નીચે હતાં. એ લોકોએ પુસ્તિકાઓ બહાર પાડી અને રેડિયો તથા જાહેર સભાના મંચનો ઉપયોગ કર્યો. એમના કામમાં વચ્ચે પડવું મને યોગ્ય ન લાગ્યું, જો કે સરકારી તંત્રની કોઈ પણ જાતની અસરકારક પ્રચાર કરવાની શક્તિ વિશે મને ઘણી શંકા હતી. મને લાગ્યું કે શેખ સાહેબ અને એમની નેશનલ કૉન્ફરન્સ જ સારામાં સારું સાધન છે અને પોતાના લોકો પાસે કેમ, ક્યારે અને ક્યાં પહોંચવું તેની તેમને સૌથી વધુ ખબર છે. (પી.સી. ચૌધરી) (આકાશવાણીના ડિરેક્ટર જનરલ) ગઈ કાલે એમની અઠવાડિક મુલાકાત માટે આવ્યા હતા ત્યારે મેં તેમની સાથે આ પ્રશ્નની ચર્ચા કરી હતી. મેં એમને લાગતા વળગતા પ્રધાનોની બેઠક બોલાવવાનું કહ્યું છે જેથી આઝિમ હુસેને એમના અહેવાલમાં કરેલાં સૂચનોની તેઓ વિચારણા કરી શકે. મેં વહેલી તકે એમની ભલામણો માગી છે જેથી આપણે એ માટે એક યોગ્ય યોજના ઘડી કાઢીએ. આવતા અઠવાડિયા દરમિયાન એ મને મળી જશે એવી આશા રાખું છું.

હું તમારી સાથે સંપૂર્ણપણે સંમત છું કે મહારાજા અને શેખ સાહેબ વચ્ચે સેતુ તરીકે કામ કરવા માટે આપણે એક ખરેખરો પ્રથમ કક્ષાનો માણસ રાખવો જોઈએ. એ બે વચ્ચેની તંગદિલી અને મતભેદનો પ્રશ્ન મને ખૂબ ચિંતા ઉપજાવે છે. મેં શેખ સાહેબને આ તંગદિલી હળવી કરવા અને સંબંધો સુધારવા કેટલાયે પત્રો લખ્યા છે પણ મને કહેતાં દિલગીરી થાય છે કે મને કંઈ પણ જવાબ મળ્યો નથી. બધી રીતે જોતાં એમ દેખાય છે કે ગયા માર્ચમાં શેખ સાહેબ અનામત વિષયો અને બિન-અનામત વિષયો અંગેની જે વ્યવસ્થામાં સંમત થયા હતા તે વ્યવસ્થા હવે રદબાતલ થઈ હોય એમ મનાય છે અને મહારાજાની હાજરી અને અનામત વિષયોનું અસ્તિત્વ એ બંનેની ઉપેક્ષા થાય છે. મહારાજાના ખાનગી ખાતામાં પણ દખલગીરી થાય છે અને એવાં પગલાં લેવાય છે જે કદાચ થોડા ઢસડાતા લોકોને પાછા વાળી લાવે પણ બિનમુસ્લિમોની સહાનુભૂતિ ખોવરાવે કારણ કે આ લોકો ગમે તે કારણે પણ મહારાજાને પોતાની સલામતીના પ્રતીક ગણે છે. શેખ સાહેબ અને બક્ષી બંનેના મન પર મેં ઠસાવ્યું છે કે મહારાજાની પ્રતિષ્ઠા, એમના હકો અને એમના વિશેષાધિકારો જાળવવાની જરૂર છે પણ એમના સાલિયાણાનો પ્રશ્ન, જાગીરદારોનો પ્રશ્ન અને એમના ખાનગી ખાતાની ઑફિસની જગ્યાનો કબજો લેવાનો પ્રશ્ન જે રીતે હાથ ધરવામાં આવ્યો છે તેથી મારા મન પર અત્યંત દુઃખદ છાપ રહી ગઈ છે. પછી જમ્મુ અને કાશ્મીરના લશ્કરનો પ્રશ્ન છે. મને એમ લાગે છે કે રાજ્યનાં દળોને એક સ્વાયત્ત એકમરૂપે રહેવા દેવાં એ ઉત્તમ વ્યવસ્થા થશે. એથી જો ભારતીય દળોને પાછાં ખેંચી લેવાનો કોઈ પ્રશ્ન ઊભો થાય તો, અને જ્યારે ઊભો થાય ત્યારે, આ સ્વાયત્ત અસ્તિત્વ આપણને કાશ્મીરમાં આપણી તરફેણનાં દળો રાખવા શક્તિમાન બનાવશે. પણ જો આપણે આ દળોના સ્વતંત્ર વ્યક્તિત્વને ભારતીય

સંસ્થાનનાં દળોમાં વિલીન કરી દઈશું તો પછી એ એક જુદી પાંખ તરીકે ચાલુ રહે તોયે તે વત્તે ઓછે અંશે ભારતીય સંસ્થાન વડે તાલીમ પામેલા દળ તરીકે ગણાઈ જવાનો અને મુક્ત નિષ્પક્ષ લોકમત લેવાય તે માટે બહાર મોકલી દેવા યોગ્ય ગણવાનો ભય ઊભો કરીશું. કંઈક અંશે આ અને અન્ય કારણોસર જ શેખ સાહેબ એમના હોમ ગાર્ડોનું વ્યક્તિત્વ અલગ રાખવા માગે છે પણ જ્યારે લશ્કરનો પ્રશ્ન ઊભો કરવામાં આવે છે ત્યારે એ જ મુદ્દાઓનું તથ્ય એ કોઈ પણ રીતે જોતા જણાતા નથી.

આ બે વચ્ચેનો તાત્ત્વિક ભેદ હું પૂરેપૂરો સ્વીકારું છું. એક લોકોના અંકુશ નીચે છે અને બીજું હજીયે મહારાજાના સુવાંગ અંકુશ નીચે છે. પણ મહારાજા લશ્કરને લગતી તમામ અગત્યની બાબતમાં પ્રધાનમંડળની અથવા શેખ સાહેબ એમ પસંદ કરે તો એક પ્રધાન બક્ષી ગુલામ મોહંમદની સલાહ લેવા સંમત થાય એ માટે મહારાજા ઉપરની મારી લાગવગ વાપરવા હું તૈયાર છું. હું મહારાજાને કોઈ લેખિત ખાતરી આપવાનું નહીં કહું પણ હું માનું છું કે તેમને અપાતી સલાહ સ્વીકારવા સામાન્ય રીતે સંમત થવા હું એમને સમજાવી શકીશ. માત્ર કોઈ અમુક કિસ્સામાં ગંભીર મતભેદ પડે, તો એ બાબત અંતિમ નિર્ણય માટે મારી પાસે લાવવામાં આવે.

એકંદરે મને લાગે છે કે જો ચર્ચામંત્રણા શ્રીનગર કે જમ્મુમાં જ યોજી શકાય અને આપણે મહારાજા અને શેખ સાહેબ વચ્ચેના મતભેદને સાંધી શકીએ તો સૌથી સારું. આ માટે હું એમ સૂચવું છું કે ગોપાલસ્વામી અને મેનન બંને શ્રીનગર અથવા/અને જમ્મુ જાય અને બાકી રહેલી વિવિધ બાબતો વિશે પતાવટ કરાવવાનો પ્રયત્ન કરે. કદાચ તમને એ જાણવામાં રસ પડશે કે આપણે કામકાજના નિયમોનો મુસદ્દો મોકલ્યો હતો તેનો મહારાજાએ એપ્રિલમાં સ્વીકાર કર્યો હતો, પણ કેટલાયે પત્રો લખવા છતાં શેખ સાહેબ તરફથી એ વિશે કશો જવાબ મળ્યો નથી. હું ગોપાલસ્વામીને ત્યાં જઈ પરિસ્થિતિને સરખી કરવામાં મદદ કરવાનું લખું છું.

મહારાજાની જમ્મુમાં રહેવાની બાબત વિશે હું તમારી સાથે સંપૂર્ણ સંમત છું કે એમણે વારંવાર શ્રીનગર જવાનું રાખવું જોઈએ. બધો જ સમય શ્રીનગરમાં ગાળવાનું એમને માટે શક્ય નહીં બને. કારણ કે લશ્કરી કામગીરીના દૃષ્ટિબિંદુથી જમ્મુ પણ એટલું જ અગત્યનું છે. શંકરે મહારાજાને પત્ર લખીને સૂચવ્યું છે કે તેઓ પંદર દિવસ જમ્મુમાં અને પંદર દિવસ શ્રીનગરમાં રહે. મને આશા છે કે મહારાજા આ સલાહ લક્ષમાં લેશે. એ સલાહ નિષ્ફળ જશે તો અલબત્ત હું એમને અંગત પત્ર લખીશ.

સંકલન : સરદાર પટેલના પસંદ કરેલા પત્રવ્યવહાર
વી. શંકર, નવજીવન પ્રકાશન

**સ્પષ્ટ વક્તા સરદાર**

સવારે નાસ્તા વખતે શાંતિલાલે સરદારને એક મુલાકાતીને વાત કરી. તે કહેતો હતો કે ટિકિટ નહીં મળે તો ઘરે જઈને પોતે આપઘાત કરશે. વલ્લભભાઈએ શાંતિભાઈને છરી આપી.

''તેને કહો કે ઘરે જવાની કશી જ જરૂર નથી, આ છરીથી અહીં જ આપઘાત કરી શકે છે.''... આપઘાત કરવાનો હોય તે પરવાનગી લેવા બેસતો નથી.

# મણિબહેનની નજરે પિતા સરદાર વલ્લભભાઈ પટેલ

- નટવર પટેલ

સરદાર વલ્લભભાઈ પટેલના એક માત્ર દીકરી એટલે મણિબહેન. માતાના અવસાન બાદ પિતાજી એકલા ન પડી જાય અને રાજકારણમાં ઓતપ્રોત રહેતા પિતાની તમામ સગવડ સચવાય તે માટે મણિબહેને લગ્ન ન કર્યા અને પિતાની સાથે પડછાયાની જેમ રહ્યાં. ભારત સ્વતંત્ર થયું અને સરદાર પટેલ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન થયા તેથી ફરજિયાત દિલ્હી રહેવાનું થયું. સરદાર પટેલની ઉત્તરાવસ્થાના એ વ્યસ્તતાભર્યા દિવસોમાં મણિબહેને પિતાજીની ખૂબ કાળજી લીધી હતી. મણિબહેન રોજ પોતાની ડાયરીમાં જરૂરી નોંધ કરતાં હતાં. એ ડાયરીને આધારે પણ સરદારના એ દિવસોની ગતિવિધિ જાણી શકાય છે.

મણિબહેને એક લેખક અને ખ્યાતનામ પત્રકાર ટ્રેવર ડ્રાયબર્ગ (TREVOR DRIBERG) ને સરદારના અવસાન પછી મુલાકાત (Interview) આપેલ. એ લેખ અંગ્રેજીમાં ન્યુઝપેપરમાં પ્રસિદ્ધ પણ થયો હતો. એ લેખમાં દીકરીની નજરે એક પિતા કેવા હતા, સરદારના વિશિષ્ટ ગુણો કયા હતા, તેમની કાર્ય કરવાની પદ્ધતિ કેવી હતી વગેરે માહિતી મળી રહે છે. અહીં મારો આશય એ લાંબો સંપૂર્ણ લેખ આપવાનો નથી, પરંતુ મણિબહેને સરદારના જે ગુણો ઉજાગર કર્યા છે, તે તારવી આપની સમક્ષ મૂકવાનો છે.

સરદારના પત્રવ્યવહાર અને લેખન અંગે મણિબહેન જણાવે છે કે, 'પિતાજીએ લેખન ઓછું કર્યું છે. તેઓ જાહેર સેવાકાર્યની કે પક્ષની કાર્યવાહીની યાદી રાખતા નહીં. એમના પર આવેલા પત્રો વાંચીને ફાડી નાખતાં. પ્રત્યુત્તર સ્વહસ્તે લખીને આપતા પણ નકલ ન રાખતા.'

તો, નેતા કેવો હોવો જોઈએ એ અંગે મણિબહેનનું આ લખાણ ઘણો પ્રકાશ પાડે છે. તેઓ લખે છે :

'તેઓ પોતાના કામ સારુ વાહન-વ્યવહારનો ઉપયોગ કરવાને બદલે પગપાળા જતા... દરેક રાજ્યના વડાને તેઓ રાત્રીએ ફોન કરતા. જો કામ મહત્ત્વનું ન હોય તો ટેલિફોન પર ખર્ચ કરવાની વાતના તેઓ સખત વિરોધી હતા. હું તેમના દરેક ખાનગી ટ્રંકકોલની યાદી એક ડાયરીમાં નોંધતી, જેનો ખર્ચ તેઓ પોતાના ખિસ્સામાંથી આપતા.'

આવા સરદાર ગુજરી ગયા ત્યારે સૌના આશ્ચર્ય વચ્ચે એમના બેંક ખાતામાં બહુ જૂજ રકમ જમા હતી!

અગાઉ નહેરુ, યોર્ક રોડ પર અને સરદાર પટેલ, ઔરંગઝેબ રોડ પર રહેતા હતા. તેથી બંને વચ્ચે અવારનવાર મુલાકાતો થયા કરતી, કારણ કે બંને સ્થળ નજીક હતાં. કેટલાક

મતભેદોના ખુલાસા એ સમયે થઈ જતા. મણિબહેન નોંધે છે કે પછી નહેરુ તીનમૂર્તિ માર્ગ પરના બંગલામાં રહેવા ગયા. તે પછી જે પરિસ્થિતિ સર્જાઈ તે અંગે મણિબહેન લખે છે :

'...જો તેઓ (નહેરુ) માઉન્ટ બેટનની સલાહ માની ત્યાં (તીનમૂર્તિ માર્ગ) રહેવા ન ગયા હોત તો તેમની વચ્ચેના વૈચારિક મતભેદો ન થયા હોત. પિતાજી (સરદાર) તેમની માંદગીને કારણે નહેરુજીને તીનમૂર્તિ રોડ પરના નિવાસસ્થાને નિયમિત મળવા જઈ શકતા નહીં.'

સરદાર હીરાપારખુ હતા. તેઓ વ્યક્તિના ચારિત્ર્યને ઓળખવામાં ખૂબ ચકોર હતા. મણિબહેન જણાવે છે કે -

'કોઈ પણ વ્યક્તિના ચારિત્ર્યની તેમણે (સરદારે) આપેલી માહિતી કદી ખોટી પડતી નહિ... તેઓ અલગ-અલગ પ્રકારના કામ માટે અલગ અલગ વ્યક્તિઓનો ઉપયોગ કરતા. તેઓ તે દરેકની ખામીઓ અને મર્યાદાથી પૂરેપૂરા વાકેફ રહેતા અને તેમની સારી બાબતોનો બખૂબી ઉપયોગ કરતા.'

સરદાર ભણતા હતા ત્યારે પણ નીડર વિદ્યાર્થી હતા. વકીલાત શરૂ કર્યા પછી પણ 'નીડર વકીલ' બન્યા હતા. ને પછી રાજકારણમાં આવ્યા બાદ 'નીડર નેતા' બન્યા. ને સરદાર નામ સાર્થક કર્યું હતું. મણિબેન બારડોલી સત્યાગ્રહનો ઉલ્લેખ કરતાં નોંધે છે કે 'યુવાનીની શરૂઆતથી જ મારા પિતામાં મોટા સમૂહની આગેવાની લેવાની કલા વિકસી હતી.'

મણિબહેનને પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં સરદાર ૧૯૩૦માં પ્રાંતીય કૉંગ્રેસ કમિટીના પ્રમુખ કેમ ન થઈ શક્યા તે પ્રસંગ આ રીતે વર્ણવ્યો છે :

'પ્રાંતીય કૉંગ્રેસ કમિટીએ પાર્ટીના પ્રમુખ તરીકે તેમનું નામ સૂચવ્યું. પરંતુ મોતીલાલ નહેરુએ ગાંધીજીને ચિઠ્ઠી લખી જણાવ્યું કે તેમના પછી તેમનો પુત્ર જવાહર આ પદ સંભાળે. મોતીલાલ તેમના મૃત્યુ પહેલાં પોતાના પુત્રને કૉંગ્રેસના વડા તરીકે જોવા ઈચ્છતા હતા. મારા પિતાજી ગાંધીજી સાથે સંમત થયા અને મોતીલાલની ઈચ્છા પૂર્ણ કરવામાં આવી.'

જો કે તે પછી ૧૯૩૧માં સરદાર પટેલ પ્રમુખ બન્યા. એ સમયે વાર્ષિક અધિવેશન વખતે પ્રમુખ મોટા કાફલા સાથે વાજતેગાજતે જતા ને ભવ્ય સ્વાગતની અપેક્ષા રાખતા. પરંતુ ૧૯૩૧માં સરદાર પટલ માત્ર એક જ સહાયકની સાથે કરાંચી (અધિવેશન એ સમયે ત્યાં યોજાયું હતું) ગયા. આમ તેમણે સાદગીભર્યો નવો ચીલો પાડ્યો. આમ સરદાર માનના ભૂખ્યા ન હતા. તેઓ કાર્યને પ્રથમ સ્થાન આપવામાં માનતા હતા. આમ, કરી તેમણે યજમાન સમિતિનો બિનજરૂરી ખર્ચ પણ બચાવ્યો હતો. સરદાર કરકસરથી વહીવટ કરવાના મતના હતા. આ પ્રસંગ પણ મણિબહેને વર્ણવ્યો છે.

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન કોણ બને એ મુદ્દો એ સમયે ખૂબ ચર્ચાસ્પદ બન્યો હતો. આપ સૌ જાણો છો કે ગાંધીજીએ નહેરુની વડાપ્રધાન તરીકે પસંદગી કરી. મણિબહેને આ

પ્રશ્નના આખરમાં કહ્યું હતું કે '...ગાંધીજીએ પિતાજી અને નહેરુને ગાડું ખેંચનાર બે બળદ તરીકે ગણાવ્યા. તેમણે (ગાંધીજીએ) વિચાર્યું કે નહેરુને વડાપ્રધાન બનાવવામાં આવે તો તેઓ દેશમાં 'તોફાન' (બીજા અર્થમાં કહીએ તો બળવો!) કરતા અટકી જશે.

ગાંધીજીની માફક સરદાર પણ વહેલી સવારે ચાલતા જતા ને એ સમયે કોઈ વ્યક્તિ એમને મળી પોતાનો પ્રશ્ન રજૂ કરી શકતો. મણિબહેન આ અંગે લખે છે કે - '...તેઓ ખૂબ ઝડપથી ચાલતા અને બહુ થોડા લોકો તેમની બરોબરી કરી શકતા. તેઓ મોટે ભાગે સાંભળતા અને સંક્ષિપ્તમાં જવાબ આપતા. પાર્ટીના કાર્યકર્તાઓ અને બીજા લોકો માટે પોતાનું અંતર ખોલીને વાત કરવાની આ એક તક હતી. પાર્ટીના કાર્યકર્તા માટે તેઓ વ્યવસ્થા ગોઠવી આપતા..'

પરંતુ પછી બીમારી વધતાં ડૉક્ટરે એમની ચાલવાની આ ટેવ બંધ કરાવી હતી.

સરદાર પટેલે વડાપ્રધાન થવાની ઇચ્છા કદી પ્રગટ કરી ન હતી. મણિબહેન નોંધે છે કે...'તેઓએ એકવાર કહ્યું હતું કે જો ભારતને આઝાદી દસ વર્ષ પહેલાં મળી હોત તો તેઓએ ભારતની ખોરાકની તંગી દૂર કરી હોત, જે કામ તેઓએ દેશી રજવાડામાં એકવાર કરી બતાવ્યું હતું.' સરદાર ભારતની ખોરાકની તંગી અંગે વારંવાર અફસોસ વ્યક્ત કરતા હતા. ઈન્ટરવ્યૂના અંતે મણિબહેને સરદારના જીવનની ફિલસૂફીભરી એક બાબત નોંધી છે. સરદાર કશુંક કરી બતાવવામાં માનતા હતા, માત્ર વાતો કરવામાં નહિ. સરદારની જીવનની ફિલસૂફી આમ વર્ણવી શકાય. 'ઇતિહાસ લખવામાં સમય વિતાવ્યા કરતાં ઈતિહાસ શા માટે ન બનાવવો?' આ પ્રસંગ વાંચતા આચાર્ય કૃપલાણી અને ગાંધીજી વચ્ચેનો સંવાદ યાદ આવે છે. કૃપલાણીને ગાંધીજીના અહિંસાત્મક કાર્યક્રમોમાં વિશ્વાસ બેસતો ન હતો. તેમને થતું : આ રીતે તે કંઈ દેશ આઝાદ થતો હશે. તેમણે પોતાની વાત બાપુ સમક્ષ રજૂ કરી ત્યારે ગાંધીજીએ કહ્યું હતું : 'મિ. ક્રિપલાની, તમે ઇતિહાસ ભણાવી જાણો. હું ઇતિહાસ સર્જવા આવ્યો છું.'

સરદારના જીવનની ઘણી અંતરંગ વાતો મણિબહેનની રોજનીશી અને અન્ય પ્રસંગોથી ઉજાગર થઈ છે. આ ઈન્ટરવ્યૂ પણ સરદારના જીવનના વિવિધ પાસાઓ પર પ્રકાશ ફેંકે છે.

**સરદારની રમૂજ**

૧૧મી ઑક્ટોબર હિંદુ પંચાગ પ્રમાણે ગાંધીજીનો જન્મદિવસ હતો. દિલ્હીના ગુજરાતીઓએ ગાંધીજીની વરસગાંઠ ઊજવવા માટે એકઠી કરેલી રકમની થેલી તેમને અર્પણ કરવાને સ્વાગત સમારંભ યોજ્યો હતો. ગાંધીજી હજી ઉધરસ અને ફલુથી પીડાતા હતા. પરંતુ સભામાં હાજર રહેવા તેઓ સંમત થયા. સરદાર તેમને સભામાં લઈ જવાને આવ્યા ત્યારે તેમને ઉધરસનું સતત ખાંખણું આવતું હતું. સરદારે કટાક્ષ કર્યો : ''તમે એવા લાલચુ છો કે ખબર પડે કે ફલાણી જગ્યાએથી પૈસા મળશે એટલે મરવા પડ્યા હશો તોય જશો. એવાં ફંડ થઈ રહેશે. આમ ઠોં ઠોં કરતા જવાની શી જરૂર ? પણ તમે મારું નહીં ગણકારો.''

# સરદાર : સાહસ અને શૌર્યના સમ્રાટ

- પ્રા. અશ્વિન અવૈયા

ગરવી ગુજરાતના ગૌરવશાળી સપૂતોની સારણી બનાવવા બેસીએ કે જેઓએ ભારતભૂમિ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી નાંખ્યું હોય ત્યારે તેમાં અજોડ જોડ તરીકે ગાંધી અને સરદારની જોડ અગ્રગણ્ય સ્થાન પામે. જેની એક ગુજરાતી તરીકે દરેકે ગર્વ લેવા જેવી બાબત છે. ઇતિહાસની અટારીએ લટાર મારીએ તો ખ્યાલ આવે કે આવા ગૌરવશાળી ગુજરાતીઓની ગાથા પાને પાને પથરાયેલી છે. આ ગાથાનું ગાન કરનાર પ્રત્યેક ભારતીયોને ભારતીય હોવાનું ગૌરવ અપાવે છે. આ જુગલબંધીનો જોટો જગ આખામાં જડે એવો નથી. રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધી ગુજરાતનું ગૌરવ છે, તો સરદાર એ ગુજરાતની શાન છે. બંનેની વૈચારિક પૃષ્ઠભૂમિએ એક ભારત - શ્રેષ્ઠ ભારતના બીજ રોપ્યાં.

વિદેશમાં વકીલાતના અભ્યાસથી મંડાણ કરનાર, વૈચારિક ક્રાંતિના બીજ રોપનાર વલ્લભની વીરતા, શૌર્ય અને સાહસના સંગમથી જ એ લોકનેતા તરીકે સરદારનું બિરૂદ પામ્યાં. આવા ગુણોના આજીવન આગ્રહને કારણે જ તેઓ ખરા અર્થમાં સાહસ અને શૌર્યના સમ્રાટ બની શક્યા. આ મહામાનવ સરદારની જીવનશૈલીના પાના ઉથલાવી એમના પ્રસંગોને વાગોળીએ તો ખ્યાલ આવે કે એમને જેટલાં રૂપકો આપીએ એટલાં ઓછાં પડે. શરૂઆત તેના નામથી જ કરીએ તો 'વલ્લભ'નો અર્થ વહાલું, પ્રિય એવો થાય છે. વલ્લભભાઈના જીવનનો પ્રત્યેક પ્રસંગ કે ઘટના તેનામાં રહેલા એક નવા ગુણની ઝાંખી કરાવે છે. પોતાના વૈચારિક જુસ્સાને નખશીખ વર્તનમાં પણ ઉતારનાર સરદાર કેટલાંક પ્રસંગોને બાદ કરતાં અજાતશત્રુ રહ્યાં છે.

આઝાદ ભારતની ચળવળમાં અગ્રેસર રહી અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવામાં આ સરદારની ભૂમિકા અડીખમ રહી છે. તેઓના અડગ અને અટલ ટેકીપણાને કારણે જ તેઓ લોક પ્રતિનિધિ તરીકે પોતાની જાતને સક્ષમ સાબિત કરી શક્યાં. ગાંધીજીના પ્રખર અનુયાયી તરીકે ખ્યાતી પામનાર આ વિરલ વિભૂતિને 'ભારતના બિસ્માર્ક'નું બિરૂદ એમ જ નથી મળ્યું. એમાં ત્યાગ અને સમર્પણની ભાવનાનો ભાગ છે. એ ખરા અર્થમાં 'ભારતના બિસ્માર્ક' બનવાને પૂર્ણપણે લાયક હતા. રજવાડાઓના એકત્રીકરણના પ્રસંગથી સૌ કોઈ વાકેફ જ છે. સામ, દામ, દંડ અને ભેદની કટુનીતિને પચાવી અખંડ ભારતનો પાયો નાંખનાર આ મહામાનવે સર્વે ભારતીયોમાં અમીટ છાપ છોડી છે. રાજાશાહીને લોકશાહીમાં રૂપાંતર કરવાની યાત્રાના મુખ્ય સૂત્રધાર તેઓ હતાં. કદાચ સૂત્રધાર બદલાયા હોત તો દેશનું ચિત્ર, વિચિત્ર

હોત જેની કલ્પના કરવી જ રહી. જે અર્થમાં તેઓનો રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત કરે છે. અખંડ રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરનાર આ સરદાર પોતે જ્ઞાતિ, જાતિ, ધર્મ, વિસ્તારથી પરે હતાં. આ પ્રકારની વડાબંધીઓથી તેઓ મુક્ત હતાં. જેને અનુમોદન આપતાં પોતાનાં વક્તવ્યમાં કહે છે કે -

''હું તમામ જ્ઞાતિ-જાતિના વાડા ભૂલી ગયેલો માણસ છું.''

આ પ્રકારની ઉત્તમોત્તમ વિચારસરણી ધરાવનાર અને એ મુજબ જીવનારને જ્યારે આપણે કોઈ જ્ઞાતિજન તરીકે કે વિસ્તારની સીમામાં બાંધીએ છીએ ત્યારે પરોક્ષ રીતે આપણે તેની પ્રતિભાનું અપમાન કરીએ છીએ. આપણે ભારતીય તરીકે આપણી જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે શું અખંડ ભારતના બીજ એમણે આનાં માટે રોપ્યા હતાં? બધું જ બાજુ પર રાખી એક ભારતીય તરીકે આપણે આપણી જાતને ન ઓળખાવી શકીએ? - આ દિશામાં દરેક સાચા ભારતીયોએ વિચારવું રહ્યું.

કાશ્મીરથી કન્યાકુમારી સુધીના બૃહદ વિસ્તારને એક કરવામાં કમર કસનાર આ કસબીના કામણ વૈશ્વિક ફલક પર પણ પથરાયેલાં જ છે. ભારતની આઝાદીની ચળવળ કે અખંડ ભારતની ઘટનાને જ્યારે સુવિખ્યાત ઈતિહાસકારો ઘટનાને બદલે પ્રક્રિયા તરીકે ગણે છે ત્યારે આ લાંબાગાળાની પ્રક્રિયામાં મુખ્ય મણકો કે મેર મણકાનું કામ કરી મોતી ગૂંથનાર સરદાર જ હતાં.

વિદેશી સિગારેટથી સત્યાગ્રહમાં સિગરામ સુધીની સફરમાં આ યુગપુરુષે પોતાનામાં રહેલી સાત્વિકતા, સમતા, ત્યાગભાવના, નિષ્કલંક કાર્યશૈલી, અલગ નેતૃત્વકળાની ઝાંખી કરાવે છે. આ સફરમાં સરદાર અનેક સ્વરૂપોમાં પોતે દૈદિપ્યમાન બન્યા છે.

જેલવાસમાં અંગ્રેજો દ્વારા વિદેશી સિગારેટની ઓફરને ઠુકરાવી કાયમ માટે ન પીવાની પ્રતિજ્ઞા લેનાર આ વ્યક્તિત્વનો ત્યાગ ઈતિહાસના પાનાં પર સ્વર્ણ અક્ષરે લખાયેલો છે. ત્યાગમૂર્તિનાં ત્યાગનો તાગ મેળવવો દુષ્કર છે. એનો તાગ મેળવવો હોય તો છબછબિયાં ન ચાલે, મરજીવા બની મોતી શોધવા પડે. મહાત્મા ગાંધીના એક વેણને ખાતર વડાપ્રધાન પદનો વાણીવિલાસ વગર નિઃસંકોચ ત્યાગ કરનાર અને એ પણ અધ્યક્ષ તરીકે સંપૂર્ણ બહુમતીથી નામ પસંદ પામવા છતાં, એ સર્વોચ્ચ કોટિનો ત્યાગ છે. વિવેચકો આ ઘટનાને જુદી જુદી રીતે મુલવી રહ્યા છે. પરંતુ આ વિભૂતિએ પોતાની ટેક પળની પણ પરવા કર્યા વગર જાળવી રાખી. એટલું જ નહિ, ગાંધીજીની સદેહ હાજરી ન હતી ત્યારે પણ કશો જ વિચાર કર્યા વિના પોતાના નિર્ણય પર અડગ રહ્યાં. આથી જ આ બંને વિભૂતિ માટે 'અજોડ જોડ' શબ્દ પ્રયોજ્યો છે. બંનેમાંથી એક પણ વ્યક્તિએ વડાપ્રધાન પદની પદલાલસા ન રાખતા દેશદાઝ હૃદયમાં રાખી. ખરા અર્થમાં જોઈએ તો એ એમના વ્યક્તિત્વની ગરિમા હતી. પદપ્રેમ કરતા દેશપ્રેમને પ્રાધાન્ય આપી સરદાર પટેલે તત્કાલીન પરિસ્થિતિમાં ઊભી થયેલી તમામ શંકા-કુશંકાનો છેદ ઉડાડ્યો હતો.

વ્યક્તિગત જીવન કરતાંયે વ્યવસાયી જીવનને વધુ ચાહનાર એવા સરદાર પટેલનો

તેમની પત્નીના અવસાનનો પ્રસંગ પણ એક ઊંડી અસર ઉપજાવે એવો છે. જે એનાં વ્યક્તિત્વને વધુ નિખારે છે. પોતાની ભાવનાઓનું નિયંત્રણ કરી અન્યની ભાવનાને વાચા આપી કેસ જીતાડનાર આ વ્યક્તિને વાગોળીએ તો ગુજરાતી કવિ રા.વિ. પાઠકની કાવ્યપંક્તિ કે જેણે પોતાની પત્નીના અવસાન પ્રસંગે લખી હતી -

'ધમાલ ન કરો, જરાંયે નહિ નેણ ભીનાં થશો...'

આ પંક્તિને ચરિતાર્થ કરતાં સરદારે પોતે વકીલાત કરતાં સમયે પોતાની પત્નીના મૃત્યુના વાવડની પોતાની મુખાકૃતિમાં ગંધસુદ્ધા ન આવવા દીધી. જે એ વાતની સાક્ષી પૂરે છે કે સરદાર એક વ્યક્તિ તરીકે જીવવાને બદલે દેશહિત માટે વધુ જીવ્યા છે.

આગવી સૂઝબૂઝથી પોતાનામાં રહેલી અલગ નેતૃત્વકાળનાં દર્શન પણ આ વિભૂતિમાં થયા વિના રહેતા નથી. નિષ્કલંક નિર્ણયો લેવાની કળા તેમનામાં આજીવન જીવંત રહી હતી. યથાર્થ સમસ્યાનું યથાર્થ રીતે જ સમાધાન કરવાની કુનેહ તેમને અન્ય નેતાઓથી જુદાં પડે છે. એટલા માટે જ લોકોને તેમાં લોકનેતા કે લોકોના સરદાર તરીકેના દર્શન થયાં હતાં. શ્રેષ્ઠતમ શિક્ષણ પ્રાપ્ત કરી છેવાડાના માનવીની સમસ્યાના સમાધાન માટે તેઓએ પોતાની જીવનશૈલીમાં ધરમૂળથી ફેરફાર કર્યા હતા. એટલું જ નહિ, એમની સાથે સહભાગી જીવન જીવી સમસ્યાઓ હલ કરી. ગાંધીજી પણ તેમની આ નેતૃત્વકળામાં પૂર્ણપણે શ્રદ્ધિત હતા. તેઓને સરદારમાં અડગ વિશ્વાસ હતો. ને કદાચ એટલે જ પદ ત્યાગનો પ્રસ્તાવ સરદાર સમક્ષ ગાંધીજી રાખી શક્યા.

ખરેખર, સાહસ અને શૌર્યના સમ્રાટ એવા સરદારની જોડી દુર્લભ છે. આજના યુવાનોએ તેમના વિચારોને મૂર્તિમંત કરવા હોય તો સમૂહ માધ્યમો દ્વારા અધકચરા ઈતિહાસને સાંભળવા કરતાં પુસ્તકોમાં રહેલાં સરદારને પચાવવા રહ્યાં.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ થી ચાલુ)

એકીકરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેમનો વારસો ભારતીયોની પેઢીઓને અખંડ અને સમૃદ્ધ ભારત તરફ કામ કરવા માટે પ્રેરિત કરે છે. ભારતની સ્વતંત્રતા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને દેશને એકીકૃત કરવાના તેમના સંકલ્પને આધુનિક ભારતના ઈતિહાસમાં સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓમાંની એક તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે. ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ ૭૫ વર્ષની વયે સરદાર વલ્લભભાઈ પટેલનું અવસાન થયું હતું.

ભારતની સ્વાતંત્ર્ય સંગ્રામની લડતના એક મહાન સેનાની તરીકે જ નહિ પરંતુ ભારતના 'ઘડવૈયા' તરીકે અને અખંડ ભારતના શિલ્પી તરીકે પ્રાતઃ સ્મરણીય સરદાર વલ્લભભાઈ પટેલ પ્રદેશ/દેશની પ્રજાના હૃદયમાં જીવંત રહેશે. અત્ર તત્ર સર્વત્ર સૌને પેઢી દર પેઢી હંમેશા યાદ રહેશે અને અમર રહેશે.

શ્રી મુકુન્દરાય પરાશર્યના પ્રેરક સ્મરણીય શબ્દો છે કે...

''મનના તળિયે જીવીએ, દુનિયા દેખે નૈ,
મનવા.. એવી 'છીપ' થા કે 'મોતી' પાકે મૈ.''

# સંકટમાં કુટુંબ ભાવના

- હસિત મહેતા

ગુજરાતની એક મહત્ત્વની ઈતિહાસઘટના, જે ગુજરાતના માર્ગે આખા દેશમાં અને વિશ્વમાં નોંધનીય બની, તે ગોધરા નગર છે. પંચમહાલના પ્રવેશદ્વારે આવેલું આ શહેર તે વખતે અને આ સદીમાં પણ (ઈ.સ. ૨૦૦૨) અનેક બાબતો, ઘટનાઓ અને ઉથલપાથલો માટે ઈતિહાસનું કાળું પ્રકરણ બની રહ્યું છે. તેમાં વલ્લભભાઈ પટેલના પોતાના જીવનના મહત્ત્વના વળાંકો તથા પ્રવાહો પણ બાકાત નથી.

હા જી, વલ્લભભાઈનો ગોધરા પ્રવેશ અને ગોધરાસંબંધ તેમના પૂર્વ જીવન માટે સીમાચિહ્ન રૂપ છે. કારણ કે ઈ.સ. ૧૯૦૦ના જુલાઈ મહિનામાં તેઓ ખેડા જિલ્લો છોડીને, ભણતરના કે શાળાજીવનના વર્ષો છોડીને, એકલા-એકલવાયા જીવનને છોડીને જ્યારે ગોધરા પ્રવેશ કરે છે, ત્યારે તેમનાં વ્યવસાયિક જીવન અને સાંસારિક જીવનનો પ્રારંભ થાય છે. જો કે તેમનો આ ગોધરા નિવાસ ઘણો ટૂંકો, માત્ર દોઢ-બે વર્ષનો જ રહ્યો હતો. છતાં વકીલાતના એ પ્રારંભિક વર્ષો હોવાના કારણે, પત્ની ઝવેરબા સાથે પહેલી વખત લગ્નજીવનનો સહવાસ શરૂ થયો હોવાને કારણે અને પ્લેગ જેવી મહામારીમાં પણ અડગતાની એરણે સફળ ઘડતર થયું હોવાને કારણે વલ્લભભાઈનો ઈ.સ. ૧૯૦૦થી ૧૯૦૨ સુધીનો ગોધરા નિવાસકાળ અનેક બાબતોમાં નોંધનીય વળાંક બને છે.

વકીલાત માટેની ડિસ્ટ્રીક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કર્યા પછી, જેમ નડિયાદના અનેક વરિષ્ઠ વકીલોએ વલ્લભભાઈને પોતાના આસીસ્ટન્ટ કે સહાયક તરીકે પ્રેક્ટીસ શરૂ કરવા આમંત્ર્યા હતા, તે રીતે ગુરુબંધુ વિઠ્ઠલભાઈએ પોતાના નાનાભાઈને વકીલાતમાં ભાગીદાર તરીકે જોડાવા માટે ગોધરા બોલાવ્યાં હતાં. કારણ કે એ સમયે વિઠ્ઠલભાઈએ તો મુંબઈથી આ વકીલાતની પરીક્ષા પાસ કરીને ઈ.સ. ૧૮૯૫થી ગોધરામાં પોતાની વકીલાત શરૂ કરી દીધી હતી. આથી તેઓ ત્યાં પૂરેપૂરા ગોઠવાઈ ગયા હતા. પરંતુ કોઈના મહોતાજ નહીં રહેવાની ખુમારી અને સ્વતંત્ર રહેવાની પ્રકૃતિને કારણે વલ્લભભાઈએ મોટાભાઈની આ ઓફર સ્વીકારી નહોતી. ઈ.સ. ૧૯૦૦ની સાલમાં જોગાનુજોગ એવું બન્યું કે વિઠ્ઠલભાઈએ પોતાની વકીલાત ગોધરાથી બોરસદ કોર્ટમાં, તબદીલ કરી, એટલે વલ્લભભાઈનો ગોધરા પ્રવેશનો માર્ગ મોકળો બનેલો. પરંતુ દુકાળમાં અધિકમાસ નડે, તેમ વલ્લભભાઈને ગોધરામાં પહેલાં જ વર્ષે પ્લેગની મહામારીનો મરણતોલ ફટકો પડ્યો. પ્લેગમાં સપડાયેલાં પોતાના મિત્રપુત્રના દીકરાની તેમણે કાળજીથી સેવા કરી, તો ય તે તો ગયો. એને સ્માશાને વળાવીને આવ્યાં ત્યાં તો પોતાને પણ પ્લેગની ગાંઠ નીકળી હોવાનું

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

# સરદાર પટેલના પ્રેરક પ્રસંગો

- ફાલ્ગુની બા

**રસ્તા વચ્ચે પથ્થર**

સરદાર વલ્લભભાઈ શાળામાં ભણતા હતા ત્યારેનો આ પ્રસંગ છે. તે વખતે કરમસદમાં ગુજરાતી સાત ધોરણ સુધીની નિશાળ હતી. ત્યાં અંગ્રેજી શાળા નહીં હોવાથી કેટલાક અંગ્રેજી ભણતા વિદ્યાર્થીઓ ત્યાંથી છ-સાત માઈલ દૂર આવેલા પેટલાદ ગામ રોજ જતા આવતા.

ગરમીની મોસમમાં શાળાનો સમય સવારનો હતો. શાળા છ-સાત માઈલ દૂર હોવાથી કરમસદથી વિદ્યાર્થીઓએ પરોઢ થતાં પહેલાં વિદાય થવું જોઈએ. ખેતરાળ રસ્તે (પગદંડીથી પડેલો રસ્તો) વિદ્યાર્થીઓ દરરોજ પેટલાદ જાય આવે.

એક દિવસ પાંચ-છ વિદ્યાર્થીઓ વહેલી સવારે કરમસદથી નીકળ્યા. પગથી પર ચાલતાં ચાલતાં એક વિદ્યાર્થીનું ધ્યાન ખેંચાયું કે તેમનામાંથી એક ઓછો છે. એ આજુ-બાજુ જોઈને બોલી ઊઠ્યો : ''અલ્યા, વલ્લભભાઈ ક્યાં ગયો?''

બીજાએ જવાબ આપ્યો : ''એ પેલો જણાય! કાંઈક ગડમથલ કરે છે.''

ત્રીજાએ બૂમ મારી : ''વલ્લભભાઈ, તું શું કરે છે? કેમ પાછળ રહ્યો?''

વલ્લભભાઈએ જવાબમાં કહ્યું : ''થોભો, હું આવું છું.'' એમ કહીને ખેતરની હદ માટે દાટેલો પથ્થરનો ખૂંટ જોરથી હચમચાવી ખેંચી કાઢીને એક બાજુ ફેંકી દીધો અને વલ્લભભાઈ દોડીને સાથીઓ પાસે જઈ પહોંચ્યા.

એક જણે પૂછ્યું ''કેમ પાછળ રહ્યો તો?''

વલ્લભભાઈ એ સહજપણે જવાબ આપ્યો : ''રસ્તા વચ્ચે પથ્થરનો ખૂંટ વારંવાર નડતો હતો. આપણા જેવા અનેકને નડ્યો હશે. કોઈના પગ પણ અંધારે ભાગ્યા હશે. તેને હચમચાવી કાઢવામાં રોકાયો હતો.

એકે પૂછ્યું : ''કાઢ્યો - કે રહેવા દીધો?''

વલ્લભભાઈ એ મક્કમ અવાજે કહ્યું :''જેને તેને વાગે અને હરકત કરે તેને કાઢ્યે જ છૂટકો. કેટલાયને અંધારે વાગતો હશે. છતાં કોઈ એ કાઢતું ન હોતું. એટલે બધાનું દુઃખ ઊભું ને ઊભું રહેતું, કાલનો મેં નિશ્ચય કર્યો હતો કે આજે તો તે કાઢી જ નાખવો. એને કાઢી નાખવાના કામે રોકાયો હતો.''

# સરદાર પટેલના પ્રેરક પ્રસંગો

- શ્રી દિપ્તીબેન

**નીડરતા**

સરદારશ્રી વડોદરા હાઈસ્કૂલમાં મેટ્રિકમાં હતા ત્યારનો આ પ્રસંગ છે. સંસ્કૃતમાં બહુ રસ નહીં પડવાથી તેમણે મેટ્રિકમાં સંસ્કૃત છોડી ગુજરાતી લીધું હતું. ગુજરાતીના શિક્ષક આમ તો ગુજરાતી શીખવતા હતા. પણ દેવભાષા ગણાતી સંસ્કૃતને છોડીને ગુજરાતી શીખવા આવનાર તરફ તેમને સહેજે અણગમો રહેતો. તેથી સરદાર જ્યારે ગુજરાતીના વર્ગમાં દાખલ થયા કે તરત એ શિક્ષકે ટકોર કરતાં કહ્યું : ''આવો મહાપુરુષ! ક્યાંથી આવ્યા? સંસ્કૃત છોડી ગુજરાતી લો છો પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે જ નહીં, એ ખબર છે કે?''

એટલે વિદ્યાર્થી વલ્લભભાઈ કહે : ''પણ સાહેબ, અમે બધા સંસ્કૃતમાં જ રહેત તો પછી તમે શીખવત કોને?''

આથી શિક્ષક ખિજાયા અને હુકમ કરતાં બોલ્યા : ''મહાપુરુષ ! જાઓ, એક એકથી દસ એકા સુધીના પાડા લખી લાવજો.''

એક દિવસ થયો, બે દિવસ થયા; 'મહાપુરુષ' શેના લખી લાવે? માસ્તર સાહેબ રોજ ચિડાતા જાય અને રોજ સજા વધારતા જાય. ''જાઓ કાલે બે વાર લખી લાવજો.'' ''કાલે ચાર'', ''કાલે આઠ વાર'' એમ વધતાં વધતાં બસો પાડા લખવાનો હુકમ થયો. પણ 'મહાપુરુષ' ઉપર એની કશી અસર ન થઈ. શિક્ષક શિક્ષા વધારતા ગયા અને શિષ્ય એ શિક્ષા મૂંગે મોઢે સાંભળતા ગયા.

પછી તો છેવટે કંટાળીને શિક્ષકે પૂછયું : ''કેમ, લખી લાવવા છે કે નહીં? કે બીજી શિક્ષાનો વિચાર કરું?''

શિષ્યે જવાબ આપ્યો : ''પાડા તો લાવ્યો હતો, પણ તેમાંથી એક મારકણો નીકળ્યો તેનાથી ભડકીને બધાં દરવાજા આગળથી નાસી ગયા. એટલે એક્કે પાડો ન રહ્યો!''

વિદ્યાર્થીનો આવો જવાબ સાંભળીને શિક્ષકે જરા ધમકાવીને તાકીદ આપી.

બીજે દિવસે પાછું પૂછ્યું. ત્યારે જરાયે ગભરાયા વિના વિદ્યાર્થી વલ્લભભાઈએ વિનોદ આગળ ચલાવ્યો : ''હા, સાહેબ, લખી લાવ્યો છું.'' એમ કહીને કાગળ બતાવ્યો. તેમાં લખ્યું હતું : ''બસો પાડા.''

શિક્ષકને થયું કે, આવા વિદ્યાર્થીને તો મુખ્ય શિક્ષક જ બરોબર ઠેકાણે લાવશે. એટલે તેમણે વલ્લભભાઈને મુખ્ય શિક્ષક પાસે મોકલ્યા.

વલ્લભભાઈએ હિંમતપૂર્વક મુખ્ય શિક્ષકને કહ્યુંઃ ''આવી તે સજા હોતી હશે? કાંઈ અમારા અભ્યાસમાંથી લખાવતા હોય તો મને ફાયદો પણ થાય. પહેલી ચોપડીના એકાના પાડાથી કોઈને ફાયદો ન થાય, ઊલટા એ લખતો જોઈને મને સૌ મૂરખ કહે!'' પ્રિન્સિપાલે વલ્લભભાઈની વાત સાંભળી અને શિક્ષકની મર્યાદા જાળવવાની ટકોર કરી સજામાંથી મુક્તિ આપી.

# વિદ્યાર્થીકાળનાં 'સરદાર'

- મિરલ બી. ઉપાધ્યાય

સરદાર વલ્લભભાઈ પટેલ, જેમને આપણે ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખીએ છીએ, તેમનું નામ સાંભળતાં જ મનમાં દેશભક્તિ, નેતૃત્વ અને અડગ સંકલ્પની છબી ઉભરે છે. પરંતુ આ ગંભીર અને નિર્ભય નેતાની યુવાવસ્થા એટલી જ તોફાની, ટીખળખોર અને રસપ્રદ હતી.

વિદ્યાર્થીકાળથી જ વલ્લભભાઈનો પરિચય થાય છે. તેઓ વિદ્યાર્થીકાળથી જ એટલા તોફાની હતા કે શિક્ષકો પણ તેમના પર ચાંપતી નજર રાખતા હતા. પેટલાદની શાળામાંથી જ તેમનો તોફાની સ્વભાવ ઝળકવા લાગ્યો હતો. શિક્ષકોના ચાળા પાડવા, મજાક મશ્કરી કરવી અને સાથી વિદ્યાર્થીઓ સાથે ટીખળો કરવી એ તેમની રોજિંદી આદત હતી. જ્યારે તેઓ વધુ ભણવા માટે નડિયાદ પહોંચ્યા, ત્યારે આ તોફાની પ્રવૃત્તિને જાણે પાંખો લાગી ગઈ. નડિયાદની શાળામાં તેમની હિંમત અને નિર્ભયતા એવી હતી કે, તેઓ અન્યાય સામે ઝૂકવાના બદલે બાથ ભીડી જતા. આ નિર્ભયતાનું પહેલું ઉદાહરણ હતું.

સરદાર પટેલનો પ્રથમ સત્યાગ્રહ ૧૯૧૮નો ખેડા સત્યાગ્રહ હતો, પરંતુ એનાથી પણ પહેલાં નડિયાદની શાળામાં વલ્લભભાઈએ પોતાનો પહેલો સત્યાગ્રહ કરી બતાવ્યો હતો. એક દિવસ શિક્ષક અગરવાલા ઑફિસમાં ગપ્પાં મારવામાં મશગૂલ હતા અને ક્લાસરૂમમાં આવ્યા જ નહીં. આથી, વિદ્યાર્થીઓએ વલ્લભભાઈની આગેવાની હેઠળ, મોટેથી ગીતો ગાવાનું શરૂ કર્યું. અવાજ ઑફિસ સુધી પહોંચતાં અગરવાલા સાહેબ ગુસ્સે થઈને ક્લાસમાં દોડી આવ્યા અને એક વિદ્યાર્થીને ગાવાનો શોખીન માની, ધમકાવવા લાગ્યા. આ અન્યાય વલ્લભભાઈથી સહન ન થયો. તેમણે શિક્ષકને રોકીને કહ્યું કે, ''તમે એને શાને ધમકાવો છો? તમે જ ઑફિસમાં ગપ્પા મારતા હતા, તો અમે ગાઈએ નહીં તો શું રડીએ?'' આ વાતથી શિક્ષક ધૂંઆપૂંઆ થઈ ગયા અને વલ્લભભાઈને વર્ગમાંથી બહાર કાઢી મૂક્યા. પરંતુ વલ્લભભાઈ એકલા ન ગયા. તેમણે સાથી વિદ્યાર્થીઓને આંખના ઈશારે બોલાવ્યા અને આખો વર્ગ બહાર નીકળી ગયો. આખો દિવસ વર્ગ ખાલી રહ્યો અને બીજા દિવસે પણ વિદ્યાર્થીઓએ વલ્લભભાઈ વિના વર્ગમાં પ્રવેશ ન કર્યો. આ બાબતની હેડમાસ્તર ભરૂચાને ફરિયાદ પહોંચી. તેમણે વલ્લભભાઈને માફી માગવા કહ્યું, પરંતુ વલ્લભભાઈએ સ્પષ્ટ કહી દીધું કે, ''શિક્ષકનો વાંક હતો, માફી તો તેમણે માગવી જોઈએ.'' આખરે હેડમાસ્તરે વલ્લભભાઈની નિર્ભયતા

અને તર્કશક્તિ જોઈ વિવાદને શાંત કર્યો અને બધાને વર્ગમાં પાછા બેસવા કહ્યું.

વલ્લભભાઈની નેતાગીરીના ગુણો પણ વિદ્યાર્થીકાળમાં જ દેખાવા લાગ્યા હતા. નડિયાદમાં જ એક વખત સ્થાનિક સુધરાઈની ચૂંટણીનો માહોલ ગરમાયો હતો. શાળાના શિક્ષક શ્રી મહાનંદે ચૂંટણીમાં ઉમેદવારી કરી, જ્યારે તેમની સામે હતા નડિયાદના ધુરંધર ભાઉસાહેબ દેસાઈના કુટુંબના એક સભ્ય. આ દરમિયાન દેસાઈએ ઘમંડથી કહ્યું કે, જો માસ્તર જીત્યા, તો હું મૂછ મૂંડાવી નાખીશ!'' આ વાત વલ્લભભાઈના કાને પડી અને તેમણે વિદ્યાર્થીઓની ટીમ બનાવી, રણનીતિ તૈયાર કરી અને પ્રચાર શરૂ કર્યો. પરિણામે, શિક્ષક મહાનંદ જીતી ગયા અને દેસાઈની હાર થઈ. વલ્લભભાઈએ વિદ્યાર્થીઓ સાથે વિજય સરઘસ કાઢીને સૌથી આગળ વાળંદને રાખ્યો અને દેસાઈના ઘરની સામે દોઢ કલાક સુધી બૂમાબૂમ કરી. પરંતુ દેસાઈ બહાર ન આવ્યા.

ગણિત વિષયમાં તેમને કદાચ પહેલેથી રસ નહોતો કે પછી બીજું કંઈ કારણ હોય, તેઓ ગણિતમાં કાચા હતા. શિક્ષક ગણિત શીખવતા હોય, ત્યારે વલ્લભભાઈ કેરોસીનનાં ડબલાં પર તબલાં વગાડતા રહેતા. શિક્ષક એટલા બધા નારાજ થયાં કે વલ્લભભાઈને શાળામાંથી કાઢી મૂક્યા અને વલ્લભભાઈએ આખરે વડોદરામાં તોફાન કર્યા પછી નડિયાદ પરત ફર્યા.

જ્યારે તેમનાં મામા ડુંગરભાઈએ પાછા આવવાનું કારણ પૂછ્યું તો વલ્લભભાઈએ એવો જવાબ આપ્યો કે, ''ત્યાં કોઈ માસ્તરને ભણાવતાં આવડતું નથી.'' આવા પરાક્રમી પરચાં સાથે તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ નડિયાદમાં પૂરો કર્યો. જો કે એ પરીક્ષામાં જ તેઓ ગણિતમાં નાપાસ થયાં અને ૧૮૯૭માં બાવીસ વર્ષની ઉંમરે મેટ્રિક પાસ કર્યું.

આમ, ગંભીર મુખમુદ્રા ધરાવતા, ધીર ગંભીર, દેખાવે કડક સ્વભાવ ધરાવતા પરંતુ અંદરથી કોમળ, દૃઢ મનોબળવાળાં એવાં વલ્લભભાઈનાં જીવનનું એક એવું પાસું છે તેમનો રમૂજી સ્વભાવ, જેનાં પરચાં વિદ્યાર્થીકાળથી જ મળતા રહ્યાં હતા. અને આ પ્રસંગો દ્વારા તેમનાંમાં રહેલો સચ્ચાઈ, આત્મવિશ્વાસ અને અડગતાનો ગુણ કદાચ વિકસ્યો હશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ થી ચાલુ)

બોમ્બે ભારતીય વિદ્યાભવન, ૧૯૬૭, પા. ૫૬૦

૨. મણિબહેન પટેલ એન્ડ જી.એમ. નંદુરકર, સંપા. સરદાર્સ લેટર્સ-મોસ્ટલી અનનોન, ભાગ-૧, અમદાવાદ-સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન, ૧૯૮૦, પા. ૨૫૯, સંપાદકો- મણિબહેન પટેલ અને જી.એમ.નંદુરકર દ્વારા અનૂદિત પત્ર.

૩. જેઠાલાલ જોશી, ગ્રેટ પૉટર, મણિબહેન પટેલ અને જી.એમ.નંદુરકર, સંપા., ધિસ વૉઝ સરદાર- ધ કૉમેમોરેટિવ વૉલ્યુમ, અમદાવાદ, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન, ૧૯૭૪, પા. ૧૯૫-૧૯૬.

૪. એન.વી.ગાડગિલ, ગર્વન્મેન્ટ ફ્રૉમ ઈનસાઈડ, મેરઠ, મીનાક્ષી પ્રકાશન, ૧૯૬૮, પા. ૫૯-૬૦.

૫. એજન, પા. ૧૮૪-૧૮૫.

૬. એજન, પા. ૧૮૫-૧૮૬.

# સરદાર સન્માન યાત્રા ૨૦૨૫

- હિતેન્દ્રભાઈ સી. પટેલ

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે અને સરદાર પટેલના વિચારોને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી ગુજરાતમાં ઐતિહાસિક ૧૮૦૦ કિ.મી.ની ''સરદાર સન્માન યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું હતું. જે તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ને ગુરુવારથી બારડોલીથી શરૂ થઈને ૩૫૫ ગામોમાં પરિભ્રમણ કરીને સોમનાથ ધામ પર સંપન્ન થઈ હતી. આ ૧૨ દિવસની યાત્રા વિવિધ શહેરોમાં પહોંચી હતી. જ્યાં વિવિધ જ્ઞાતિ, ધર્મના લોકોએ તેનું સ્વાગત કર્યું હતું.

**સરદારના સિદ્ધાંતોને શ્રદ્ધાંજલિ આપવા 'સરદાર સન્માન યાત્રા'**

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ તેમના જીવન અને સિદ્ધાંતોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક મહત્ત્વપૂર્ણ એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સરદાર સન્માન યાત્રા ૨૦૨૫' નામની આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના દરેક વર્ગને એક સાથે લાવીને સરદાર પટેલના યોગદાનને યાદ કરીને એકતા દર્શાવવાનો હતો. ખાસ કરીને પહેલી વાર આ યાત્રામાં દરેક ધર્મના, જ્ઞાતિના, વર્ગના અને દરેક પક્ષના નેતાઓ જોડાયાં હતાં.

**રાષ્ટ્રીય એકતા માટે યાત્રા :**

સરદાર સાહેબનાં સિદ્ધાંતો, દેશભક્તિ અને રાષ્ટ્રની એકતા માટેના યોગદાનથી પ્રેરણા લઈ એકતાની તરફ આ યાત્રા હતી. જેમાં દરેક ધર્મ, જ્ઞાતિ, વર્ગ, ભાષા અને વિચારધારાને એક સૂત્રમાં બાંધવાનું અમૂલ્ય કાર્ય થયું હતું.

**યાત્રાના મુખ્ય ઉદ્દેશ્યો :**

**સર્વ સમાજને જોડવો :** આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ સમાજને એક સાથે લાવીને સરદાર પટેલના કર્તૃત્વને શ્રદ્ધાંજલિ આપવાનો હતો.

**વૃક્ષારોપણ :** આ યાત્રા દરમિયાન દરેક ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેથી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની જાગૃતિને પ્રોત્સાહન મળ્યું હતું.

**રાજવી પરિવારોનું સન્માન :** આપણો દેશ આઝાદ થયો ત્યારે ૫૬૨ દેશી રજવાડાઓને ભારતસંઘ સાથે જોડવાનું ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું હતું. તેથી આજે આપણો દેશ અખંડ ભારત છે. માટે આ યાત્રા દરમિયાન દેશને પોતાના રજવાડાઓનું એકીકરણ કરીને ભારતનો નકશો તૈયાર કરનારા રાજવી પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

**લોકજાગૃતિ :** આ યાત્રાના માધ્યમથી લોકોને સરદાર પટેલના સિદ્ધાંતો અને દેશના એકીકરણમાં તેમની મહત્ત્વની ભૂમિકા અંગે જાગૃત કરવામાં આવ્યા હતાં.

**સપનાનું ભારત :** યાત્રાનો અંતિમ ધ્યેય સરદાર પટેલના સપનાનું ભારત બનાવવાની દિશામાં કામ કરવાનું હતું.

**'હમ ભારતીય હૈ'** એ હેતુથી સરદાર સન્માન યાત્રાનું આયોજન આ 'કર્મથી ધર્મની યાત્રા' ૧૧ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધીનું આયોજન

કરવામાં આવ્યું હતું. આ યાત્રા બારડોલીથી શરૂ થઈને સોમનાથ સુધી ૧૮૦૦ કિમી અંતર કાપી, જેમાં ૧૮ જિલ્લા ૬૨ તાલુકા અને ૩૫૫ ગામોને આવરી લેવામાં આવ્યાં હતાં. આ યાત્રાનો મુખ્ય હેતુ દરેક ભારતીયને જોડવાનો હતો. અને જ્ઞાતિ-જાતિના વાડાઓથી પર રહીને ''હમ ભારતીય હૈ''નો સંદેશ ફેલાવવાનો હતો.

આ યાત્રાનો ઉદ્દેશ્ય એવા મહાન વ્યક્તિને સન્માન આપવાનો હતો, જેમણે ભારતને અખંડ બનાવ્યું. આ યાત્રા દ્વારા તમામ ધર્મના, જ્ઞાતિના, વર્ગ, ભાષાના, જાતિના લોકોને એક મંચ પર લાવીને દેશ અને દુનિયા સુધી એકતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન હતો.

અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને શત્ શત્ નમન.

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ થી ચાલુ)

અનુભવ્યું. એમાંથી તેઓ માંડ બચ્યાં. આવા કપરાં કાળે પણ વલ્લભભાઈએ પોતાની અડગતા, પરદુ:ખભંજન પ્રકૃતિ અને કુટુંબ વત્સલતા કદી છોડી નથી.

કારણ કે આ મહામારીના સમયે તેમણે પોતાના બીજા નંબરના નરસિંહભાઈ ઉપર ગોધરાથી કરમસદ એક પત્ર લખ્યો હતો. ઈ.સ. ૧૯૦૧ની ૧૬મી માર્ચે લખેલાં આ પત્રમાં તેમણે પ્લેગના મહાસંકટને કારણે વકીલાતના વ્યવસાયમાં આવેલી મંદી અને કરમસદના કુટુંબીજનોની ચિંતા વ્યક્ત કરતી લાગણી દર્શાવી હતી. વળી આ પત્રની વિગતો પરથી એમ પણ જાણી શકાયું કે એ વખતે વલ્લભભાઈ સાથે ગોધરામાં એકલા પત્ની ઝવેરબા જ નહોતા રહેતાં, પરંતુ પોતાના નાનાભાઈ કાશીને પણ તેમણે ગોધરામાં રાખ્યાં હતાં. આ પત્ર તે સમયની વલ્લભભાઈની ગોધરા દશાનો તાદશ્ય ચિતાર આપે છે, તેઓ લખે છે કે....

'પૂજ્ય નરસિંહભાઈ, અહીં પ્લેગનું જોર વધી રહ્યું છે. રોજના દસ કેસ થાય છે અને ઉંદરો ઘણાં મરે છે. કોર્ટમાં કામકાજ અટકી પડ્યું છે, અને આવતા બે-ત્રણ મહિના સુધી શરૂ થાય તેવું લાગતું નથી. હમણાં તો ઘરમાં છે તેનાથી ચલાવીએ છીએ, પણ તે બાબતની ચિંતા કરવી નહીં.

તમને કેવી રીતે મદદરૂપ થઈ પડું તેનો દિવસરાત વિચાર કર્યા કરું છું. અત્યારે તો લાચાર છું, પણ મારી સ્થિતિ સુધરે ત્યારે જરૂર તમને આધાર આપીશ. પ્લેગ વધારે ફેલાશે તો કાશીભાઈને કરમસદ મોકલી આપીશ.

ત્યાંના કુશળ સમાચાર મોકલશો. પૂ. પિતાશ્રીને મારી યાદ આપજો. કંઈ કરવાનું હોય તો મને જણાવજો. વલ્લભભાઈના પ્રણામ.'

એક વાત એવી પણ જાહેર છે કે વલ્લભભાઈએ પોતાની વકીલાત ગોધરાથી બોરસદ તબદીલ કરી, તેમાં બંધુત્વભાવના હતી. એટલે કે બોરસદમાં વકીલાત કરતાં ગુરુબંધુ વિઠ્ઠલભાઈને ત્યાંની કોર્ટમાં ઘણી મુશ્કેલીઓ હતી, માટે તેમને મદદ કરવા માટે વલ્લભભાઈ ગોધરા છોડીને બોરસદ ગયા હતા. પરંતુ આ જ ગાળામાં વલ્લભભાઈએ પ્લેગની મહામારી સંદર્ભે મોટાભાઈ નરસિંહભાઈને લખેલાં આ પત્રની વિગતો જોતાં એમ પણ સમજાય છે કે આર્થિક સંકડામણને કારણે પણ તેમને ગોધરા છોડવાનો નિર્ણય કરવો પડ્યો હતો.

# સરદાર અને સોમનાથ

- પરીક્ષિત જોશી

સરદાર, જેમનું ઉપનામ જ નામ બની ગયેલું એવા વલ્લભભાઈ પટેલનું આ ૧૫૦મું જન્મવર્ષ છે. ઘા લાગી જાય એટલું સ્પષ્ટ બોલનારા સરદારની વિનોદ વૃત્તિ વિશે તો સૌ કોઈ જાણે છે. સ્વતંત્ર ભારતમાં એમના કદ અને ભાર પ્રમાણે જે પદભાર કે સ્થાન હોવું જોઈતું હતું એ બાબતે આઝાદીને થયા એટલા વર્ષોથી નિરંતર ચર્ચા, વાદ-વિવાદ ચાલ્યા કરે છે. તાજેતરમાં એક પુસ્તક પણ થયું છે, જેનો વિષય અને શીર્ષક છે - જો સરદાર પટેલ ભારતના સર્વપ્રથમ પ્રધાનમંત્રી બન્યા હોત તો...

સ્વાતંત્ર્યકાળથી આઝાદીના આંદોલનના કેન્દ્રમાં રહેલા મહાનુભાવોમાં સરદાર પટેલનું વલણ સ્વયંસ્પષ્ટ હતું. તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ સાથેના કેટલાંક મુદ્દે એમના મતભેદ અત્યંત તીવ્ર હતા. એમાંનો એક મુદ્દો હતો, સોમનાથ જ્યોર્તિલિંગનો જિર્ણોદ્ધાર.

સરદાર પટેલ અન્ય આયામ (અનુ. મહેન્દ્ર નારાયણ સિંહ યાદવ, પ્રકા. શ્યામાપ્રસાદ મુખર્જી રિસર્ચ ફાઉન્ડેશન) વિષયે થયેલા એક સંશોધન અહેવાલમાં કેટલીક વિશેષ બાબતોનો ઉલ્લેખ કર્યો છે.

**સરદાર પટેલ – હિન્દુ જનતાના સન્માનના પ્રતીક સ્થળનો જિર્ણોદ્ધાર**

'આ મંદિર પ્રત્યે હિન્દુ લાગણીઓ ઘણી મજબૂત અને વ્યાપક છે. વર્તમાન પરિસ્થિતિ-ઓમાં, આ સંભવ નથી કે માત્ર મંદિરના જિર્ણોદ્ધાર કે એના વિસ્તારથી જ આ લાગણીઓ સંતોષી શકાય. મંદિરનો જિર્ણોદ્ધાર હિન્દુ જનતાના સન્માન અને લાગણીઓનું પ્રતીક બનશે.'[૧]

**સરદાર પટેલે સોમનાથ માટે સ્વયં ભંડોળ ભેગું કર્યું**

*પ્રિય શ્રી નાનજીભાઈ,*

*મણિબહેને ૧૭ તારીખે આપનો પત્ર મને વંચાવ્યો. હું આપનો આભારી છું કે આપે સોમનાથના જિર્ણોદ્ધારની મારી વચનબદ્ધતાને પૂર્ણ કરવા માટે મારા જન્મદિવસે ૭૩,૧૦૦ રુપિયાનું દાન ભેગું કર્યું છે.*

*ખરાં અર્થમાં, વ્યાવહારિક રીતે લાગે છે કે આપ પોતાના ખિસ્સામાંથી આ દાન આપી રહ્યા છો, કારણકે એમાં ૫૧,૦૦૦ રુપિયા તો આપે સ્વયં આપ્યા છે, અને બાકીનું ભંડોળ પણ આપના અંતેવાસીઓ દ્વારા પ્રાપ્ત થયું છે.*

*મને એ જાણીને આનંદ થયો કે કીર્તિ મંદિરમાં કામ યોગ્ય રીતે આગળ વધી રહ્યું છે.*

*આશા છે, સાનંદ હશો.*

*આપનો શુભચિંતક, વલ્લભભાઈ*[૨]

*શ્રી નાનજી કાળિદાસ મહેતા, પોરબંદર*

*(મૂળ- ગુજરાતી) ૨૧ નવેમ્બર, ૧૯૪૮*

**મંદિરની (અવ)દશા જોઈને સરદાર દ્રવિત થયા**

'સરદાર જૂનાગઢથી સોમનાથ ગયા. સોમનાથ મંદિરની અત્યંત જિર્ણ-શીર્ણ અવસ્થા જોઈને સરદારનું હદય અત્યંત ભાવુક થઈ ગયું, એ ઘણાં વ્યથિત થઈ ગયા.' જામ સાહેબને એક શબ્દ કહીને સરદાર સમુદ્ર તરફ ચાલ્યા ગયા. (નવાનગરના જામ સાહેબે સૌરાષ્ટ્રના વિલયમાં સરદારની ઘણી મદદ કરી હતી અને એમણે સૌરાષ્ટ્ર સંઘના રાષ્ટ્રપ્રમુખની જવાબદારી સ્વીકારી હતી) એમણે પોતાના હાથમાં થોડુંક પાણી લીધું અને પૃથ્વીને સમર્પિત કરતા ધીમેથી પણ મક્કમ સ્વરે બોલ્યા કે, આ મંદિરનું પુર્નનિર્માણ કરવામાં આવશે અને એનું ગૌરવ પુર્નસ્થાપિત થશે. વીજ ઝડપે આ સમાચાર દેશના ખૂણેખૂણા સુધી ફેલાઈ ગયા, અને દેશના લાખો લોકોના ચહેરા પર આનંદની લાગણી છવાઈ ગઈ.[૩]

**મંદિરના પુર્નનિર્માણને સરદારની સ્વીકૃતિ**

તત્કાલિન કેન્દ્રીય કાર્ય મંત્રી એન. વી. ગાડગિલ નોંધે છે કે, '૧લી નવેમ્બર, ૧૯૪૭ના દિવસે સરદાર સાથે હું સોમનાથ ગયો હતો. ત્યાં મેં પુર્નર્નિર્માણ વિશે વિચાર્યું અને સરદારને આ વાત કહી, તેમણે એ વાતને સ્વીકૃતિ આપી. મંદિરના મુખ્યદ્વાર પર ઊભા રહીને મેં ભારત સરકારના મંદિરનું પુર્નર્નિર્માણ કરવાના નિર્ણયની જાહેરાત કરી. મેં કહ્યું કે આપણી સ્વતંત્રતા રચનાત્મક છે, વિધ્વંસક નથી. ત્યાં એકત્ર હજારો શ્રદ્ધાળુઓએ આ જાહેરાતને જયજયકાર સાથે વધાવી લીધી. એક કલાક પછી વલ્લભભાઈએ દેવી અહલ્યાબાઈ હોળકર દ્વારા બનાવવામાં આવેલા મંદિર-ભવનમાં આ જાહેરાત કરી. તરત જ દસ લાખ રુપિયાનું ભંડોળ મળવાની બાંહેધરી મળી ગઈ અને એનાથી મોટી વાત શું હોઈ શકે કે સંઘબદ્ધ સૌરાષ્ટ્રનો વિચાર પણ સિદ્ધ થઈ ગયો. નવાનગરના જામ સાહેબે સરદાર સાથે વાતચીત કરી અને બે મહિનાની અંદર અલગ-અલગ વિસ્તારના ૩૪૨ રજવાડાંની સાથોસાથ સૌરાષ્ટ્રના રજવાડાનો પણ વિલય સંઘમાં થઈ ગયો.'[૪]

**પુર્નર્નિર્માણ માટે ૫૦ લાખ રુપિયા એકઠા કર્યા**

'...એક વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય મને યાદ છે કે સોમનાથ મંદિરના જિર્ણોદ્ધારનું હતું. જૂનાગઢના સ્વતંત્ર થયા બાદ સરદાર પટેલ સાથે હું ત્યાં ગયો અને ત્યાંના પ્રાચીન મંદિરના અવશેષ જોયા. એક દિવસ સવારે સમુદ્ર તટ પર ચાલતી વખતે મારા મનમાં પુનરુદ્ધારનો વિચાર આવ્યો અને એનો ઉલ્લેખ મેં વલ્લભભાઈ પાસે કર્યો. એમણે તરત એ વાતની સ્વીકૃતિ આપી અને એમની સહમતિથી મેં જાહેરાત કરી કે સોમનાથના પ્રાચીન ગૌરવને પુનઃસ્થાપિત કરવામાં આવશે. મેં મંત્રીમંડળની કાર્યવાહી માટે એની તૈયારી કરી અને નોંધ કરી. મૌલાનાએ કહ્યું આ સ્થાનને એ જ સ્વરૂપમાં સંરક્ષિત કરવામાં આવે. મેં કહ્યું કે ઈચ્છા એના પુરાણા ગૌરવને પ્રતિષ્ઠિત કરવાની છે અને એ રીતે હિન્દુ અને મુસલમાનોની વચ્ચેની અવિશ્વાસની દીવાલ હટાવી દેવાય. કાઠિયાવાડમાં અમને સોમપુરા સમુદાયના કારીગર મળ્યા જે પત્થરો પર એવું જ નકશીકામ અને ચિત્રણ કરી શક્તા હતા જેવું પ્રાચીન કાળમાં સોમનાથ મંદિરનું હતું. મેં

એમને મંદિરના પુનરુદ્ધારની સહાયતામાં એમને જોડવાનો નિશ્ચય કર્યો. વલ્લભભાઈ અને મેં આ ઉદ્દેશ્ય માટે ૫૦ લાખ રૂપિયા એકઠા કર્યા. એ પહેલા આ કાર્ય કેન્દ્ર સરકાર દ્વારા કરાવવાનું નક્કી કર્યું હતું. નેહરુએ એ માટે સ્વીકૃતિ ન આપી. ગાંધીજીની સલાહના આધારે આ કામ કોઈ ટ્રસ્ટને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જેમાં કેન્દ્ર સરકારનો એક પ્રતિનિધિ નિયુક્ત હોય.

'ભારત સરકારે કાર્યની દેખરેખ માટે બે એન્જિનિયરો અને એક વાસ્તુશિલ્પીની સમિતિ બનાવી. સને ૧૯૫૧ સુધી મંદિરના સંપૂર્ણ આધાર સાથોસાથ આંતરિક વેદી પણ તૈયાર થઈ ચૂકી હતી અને અમે રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદને આગ્રહ કર્યો કે તે લિંગમ પ્રતિષ્ઠાપનના મુખ્ય સહભાગી બને. અમે એમને યોજનાનો ઈતિહાસ અને વિકાસ વિશે એક નોંધ પણ આપી અને એ પવિત્ર સમારોહોમાં ભાગ લેવા માટે સંમત થયા.[૫]

'...એ સમયે પાકિસ્તાનના સમાચાર પત્રોએ આ કામ (સોમનાથ મંદિરના પુનરુદ્ધાર) વિશે બૂમરાણ મચાવવાનું શરુ કર્યુ અને અમને કહેવા લાગ્યા કે એ વધુ એક મહમૂદ ગઝનવી પેદા કરશે અને મંદિરને ફરીથી ધ્વસ્ત કરશે. નેહરુએ સલાહ આપી કે રાષ્ટ્રપતિ સમારોહમાં સામેલ ન થાય. મંત્રીમંડળમાં પણ આ વિશે ચર્ચા થઈ. મેં મુનશીને કહ્યું કે જો આ સંપૂર્ણ મામલામાં કોઈ જવાબદાર છે તો એ હું છું અને વલ્લભભાઈ છે, જેમણે મારું સમર્થન કર્યુ હતું. એટલે હું મંત્રીમંડળ સામે આખો મામલો સ્પષ્ટ કરીશ. મેં મંત્રીમંડળીય અહેવાલોનો સંદર્ભ આપીને સાબિત કર્યું કે નેહરુનો એ આરોપ સાચો નથી કે આખું કાર્ય મંત્રીમંડળને જાણ કર્યા વિના કરવામાં આવી રહ્યું હતું. મૌલાના અને જગજીવન રામે કહ્યું કે મામલા પર ચર્ચા થઈ ચૂકી છે. ભારત સરકાર આ કાર્ય પર સો હજાર રૂપિયા ખર્ચ કરી ચૂકી છે. મેં એ વાત ઉપાડી કે સરકાર હજારો મસ્જિદો અને મકબરાને સબસિડી અને અનુદાન આપે છે અને જો એ થોડું ધન એક હિન્દુ મંદિરના પુનરુદ્ધાર પર પણ ખર્ચ કરે તો એમાં કંઈ આપત્તિજનક નથી. મેં ધર્મનિરપેક્ષતાના અર્થમાં બધા ધર્મોને એકસમાન જ સમજ્યા છે. સોમનાથ મંદિરના પુનરુદ્ધારથી સરકારને લાખો લોકોની સદ્ભાવના પ્રાપ્ત થઈ છે અને એનાથી સૌરાષ્ટ્ર પ્રાંતની રચના પણ સરળ બની છે. લાખો હિન્દુ મૂર્તિપૂજા કરે છે અને બધા નહેરુ જેવા બુદ્ધિજીવી નથી. આપણામાંથી કેટલાક દઢ આસ્થાની નબળાઈના શિકાર હોય છે, મેં કહ્યું. ચર્ચા ત્યાં પૂરી થઈ અને રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ સમારોહમાં પધાર્યા. હું સમજું છું કે એ પોતાના નિર્ણય પર દ્રઢ હતા અને એમણે નહેરુને પોતાનો નિર્ણય જણાવી દીધો હતો. જરુરિયાત પડે તો એ પોતાના ગરિમામય પદ પરથી રાજીનામું આપવા સુદ્ધાં તૈયાર હતા.[૬]

**સંદર્ભ-**

૧. સોમનાથ પુર્નનિર્માણ પરિયોજનાના મુખ્ય પ્રસ્તાવક અને કર્તા તરીકે કનૈયાલાલ મુનશીનો ઉલ્લેખ છે. કે.એમ.મુનશી, પિલગ્રિમેજ ટુ ફ્રિડમ,

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

# સરદાર વલ્લભભાઈ પટેલ અનોખું વ્યક્તિત્વ

- પ્રા. ડૉ. શૈલેષભાઈ એ. પટેલ

**..રજવાડા એકઠા કર્યા, જેમણે દેશ 'ભારત'ના આકારમાં, દૃઢ મનોબળ ધરાવતી શક્તિનું આ વિશિષ્ટ સ્વરૂપ જોઈ લો સૌ અખંડ ભારતના શિલ્પી 'સરદાર વલ્લભભાઈ પટેલ' માં.''**

''બીજા શું કરે છે?તે સામું ના જોવું, પણ મારી શું ફરજ છે? તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર જ મહાન બને છે.''

- સરદાર વલ્લભભાઈ પટેલ

આપણા લોક લાડીલા અને આઝાદીની ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર સરદાર વલ્લભભાઈ પટેલને આપણે આજે આઝાદીના ૭૮ વર્ષો પછી પણ ભૂલી શકીએ તેમ નથી. સ્વાધીન ભારતની એકતા અને અખંડિતતાના અજોડ શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ચરોતરના ખેડૂત પરિવારમાં ૩૧મી ઓક્ટોબર, ૧૮૭૫માં ગુજરાતના નડિયાદમાં મોસાળ થયો હતો. તેમનું વતન કરમસદ હતું. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબાઈ હતું. સરદાર વલ્લભભાઈ પટેલને બે બાળકો હતા. તેમના પત્નીનું નામ ઝવેરબા, પુત્રનું નામ ડાહ્યાભાઈ અને પુત્રીનું નામ મણીબેન હતું. તેઓ મેટ્રિક થયા પછી આગળ ભણી શકાય તેવી તેમના ઘરની સ્થિતિ ના હોવાથી ડિસ્ટ્રિક પ્લીડરની પરીક્ષા આપી તેમણે ગોધરામાં વકીલાત શરૂ કરી હતી. તેમનું સ્વપ્ન હતું કે, તેઓ બેરિસ્ટર બનવા વિલાયત જાય અને તેમનું સ્વપ્ન પૂરું થયું. તેઓ ૧૯૧૦માં વકીલાતના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયાં હતાં. ૧૯૧૩માં તેઓને વકીલની પદવી મળ્યા બાદ ભારત પાછા ફર્યા હતા. તેમણે અમવાદમાં વકીલાત શરૂ કરી હતી. ૧૯૩૧માં તેઓ અમદાવાદની કોર્પોરેશનની ચૂંટણીમાં ચૂંટાયા હતા. તે દરમિયાન જ તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને તેમના મુખ્ય સૈનિક બન્યા. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈનો સંબંધ 'ગુરુ-શિષ્ય' જેવો હતો. વલ્લભભાઈને ખેડૂતો પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. તેથી તેઓએ ખેડૂતો માટે ખૂબ જ સારા કાર્યો કર્યા હતા. જ્યારે ૧૯૨૮માં સરકારે ખેડૂતો પર જમીનને લગતો ટેક્ષ નાખ્યો ત્યારે તેઓએ ખેડૂતોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યાં અને તે ટેક્સ ભરવાની મનાઈ કરી દીધી. તેઓએ ખેડૂતો સાથે મળીને બારડોલી સત્યાગ્રહ કર્યો હતો. તેથી સરકારે વલ્લભભાઈને અને ખેડૂતોને પણ જેલમાં પૂરી દીધા હતાં. ત્યારથી ગાંધીજીએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના 'લોખંડી પુરુષ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારત આઝાદ થયું ત્યારે પ્રથમ ગૃહ પ્રધાન અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ બન્યા. તેમને ૧૯૯૧માં 'ભારત રત્ન' એનાયત કરવામાં આવ્યો. અખંડ ભારતની

સ્થાપનામાં સરદાર વલ્લભભાઈ પટેલનું પ્રદાન મહત્ત્વનું હતું. તેઓ ગાંધીજીના વિચારોથી ખૂબ જ પ્રભાવિત હતા અને ગાંધીજી સાથે મળીને ભારતને સ્વતંત્ર બનાવવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા અને દેશની સ્વતંત્રતા પછીના યુગમાં નિર્ણાયક વ્યક્તિ હતા. સરદાર વલ્લભભાઈ પટેલ વ્યવસાયે વકીલ હતા, પરંતુ ભારત દેશ અને ભારતના લોકો પ્રત્યેના તેમના પ્રેમે તેમને રાજકારણી અને સ્વતંત્રતા સેનાની બનાવ્યા. સરદાર વલ્લભભાઈ પટેલે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૧૭માં કરી હતી, જ્યારે તેઓ ગુજરાત સભાના સચિવ તરીકે ચૂંટાયા હતા. તેમનું લક્ષ્ય ગુજરાતના લોકોના હિતોને પ્રોત્સાહન આપવાનું હતું. તેઓ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની રેન્કમાંથી ઝડપથી ઊભરી આવ્યા, જે મુખ્ય રાજકીય પક્ષ હતો. જેણે બ્રિટિશ શાસનથી ભારતની સ્વતંત્રતાની લડતનું નેતૃત્વ કર્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ પોતે મહાત્મા ગાંધીના નજીકના સહયોગી હતા અને ભારતની સ્વતંત્રતા હાંસલ કરવા મહાત્મા ગાંધી સાથે સરદાર વલ્લભભાઈ પટેલે કામ કર્યું હતું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સૌથી મોટું યોગદાન હતું. ૧૯૩૦ના મીઠાના સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા મહત્ત્વની હતી. અંગ્રેજોએ મીઠા પર કર નાખ્યો હતો. મીઠું ભારતીય લોકો માટે આવશ્યક ચીજવસ્તુ હતું. સરદાર વલ્લભભાઈ પટેલે મીઠાની કૂચનું આયોજન કરવામાં અને મીઠા ઉપરના કર સામેના વિરોધનું નેતૃત્વ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મીઠા કૂચ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી અને તેણે ભારતીય લોકોને એકત્ર કરવામાં અને સ્વતંત્રતાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ભારતના પાડોશી દેશોને જડબાતોડ જવાબ આપવાની હિંમત એ સમયે સરદારમાં હતી. આઝાદીની લડતમાં અસંખ્ય કષ્ટો વેઠ્યાં અને આઝાદી બાદ ૬૦૦થી વધારે નાના-મોટા રજવાડાંઓનું એકીકરણ કરીને અખંડ ભારત બનાવવાનું અત્યંત કપરુ કામ પાર પાડ્યું. એમાં તેમની એક મહાન રાજનીતિજ્ઞ તરીકેની સૂઝ જણાઈ આવે છે. સામ, દામ, દંડ અને ભેદ - ચાણક્યના આ સૂત્રને અનુસરીને સરદારે આ મહાન કાર્ય કરેલું. ૬ મે, ૧૯૪૭થી સરદાર વલ્લભભાઈ પટેલે વિવિધ રજવાડાના રાજાઓ સાથે કોન્ફરન્સો યોજવાની શરૂઆત કરી અને બધાંને પ્રેમપૂર્વક અખંડ ભારતની રચના માટે પોતાનું રાજ્ય સમર્પિત કરવા સમજાવ્યા. મોટા ભાગના રાજવીઓએ સરદારની વાત સ્વીકારી લીધી. આખરે રાજા પણ પરમેશ્વરનો જ અંશ છે ને! લગભગ ૫૬૫ રાજવીઓએ સરદારની વાત માની ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પહેલાં પોતાના રાજ્યને મા ભોમ કાજે સમર્પિત કરી દીધું. આખા ભારતમાંથી સર્વપ્રથમ રાજ્ય અર્પણ કરનાર ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજી ગોહિલ હતા. જેમણે 'ભાવનગર'ને સૌપ્રથમ ભારતસંઘમાં ભેળવેલું. સરદારની અને કૃષ્ણકુમારસિંહજીની મિત્રતા અમર હતી.

જોધપુર અને ત્રાવણકોર પણ ભળ્યા. દક્ષિણ ભારતના ત્રાવણકોર સ્ટેટના મહારાજા રામ વર્માએ શરત મુકેલી કે, અહીં ભગવાન વિષ્ણુરૂપ પદ્મનાભ સ્વામીનું શાસન ચાલે છે અને હું માત્ર એનો દાસ છું. એટલે રાજ્ય સોપું પણ અહીં શાસન તો ભગવાન વિષ્ણુનું જ ચાલશે! અને સરદારે એમની શરત માન્ય રાખી હતી. ત્રાવણકોર સ્ટેટના મહારાજાઓ વર્ષોથી આ પરંપરા જાળવતા આવ્યા હતાં. પોતે શાસન કરતા પણ ભગવાન વિષ્ણુના દાસ તરીકે! હવે બાકી રહ્યાં ત્રણ રાજ્ય - જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર. આ ત્રણ ખરેખર ભારતના અભિન્ન અંગ હતાં અને તેમને પાકિસ્તાનની ચુંગાલમાં જવા દેવા કે સ્વતંત્ર રહેવા દેવા સરદારને ક્યારેક પોસાય તેમ નહોતું. જૂનાગઢનો બાબીવંશી રાજા મહોબ્બતખાન ત્રીજો તેમના વજીર શાહનવાઝ ભુટ્ટોનો દોરવાયો પાકિસ્તાન સાથે ભળવાની માંગણી કરતો હતો. જ્યારે જૂનાગઢની ૮૦% ઉપરની પ્રજા હિંદુ હતી અને લોકો ક્યારેય એવું નહોતા ઈચ્છતા કે જૂનાગઢનું જોડાણ પાકિસ્તાન સાથે થાય. જ્યારે જૂનાગઢથી સરદાર પટેલ સોમનાથ આવ્યા ત્યારે કેટલાક આક્રમણનો માર ખાઈને ખંડેર બનેલા સોમનાથની દશા જોઈને તેનો અંતરાત્મા કકળી ઉઠ્યો. એ જ વખતે તેણે ભવ્યાતિભવ્ય સોમનાથ મંદિરના નિર્માણ માટે સંકલ્પ લીધો અને સોમનાથ ટ્રસ્ટની સ્થાપના કરી અને પ્રભાશંકર સોમપુરા જેવા કુશળ સ્થપતિની દેખરેખમાં 'કૈલાસ મહામેરૂ પ્રસાદ' તરીકે ઓળખાતા સોમનાથ મંદિરના નિર્માણનો આરંભ થયો... હૈદરાબાદનો નિઝામ મીર ઓસ્માન અલી ખાં કાં તો પાકિસ્તાન સાથે જોડાવવા માંગતો હતો કાં તો સ્વતંત્ર રહેવા માગતો હતો. હૈદરાબાદની પણ ૮૫ ટકા ઉપરની પ્રજા હિંદુ હતી. નિઝામ પણ મૂળ ભારતનો તો નહોતો જ. એના પૂર્વજો તુર્ક હતા અને ઔરંગઝેબની સેનામાં હતાં. જેમાંથી ધીમે ધીમે હૈદરાબાદના શાસક બની બેઠેલા નિઝામને મુસ્લિમોના 'રઝાકર' દળનું ભારત સાથે ના જોડાવા ભારે દબાણ હતું અને રઝાકરના કહેવાતા કાર્યકરો હૈદરાબાદની હિંદુ પ્રજા પર જુલમ કરવામાં સહેજ પણ કચાશ ન રાખતા. નહેરુના વિરોધ છતાં સરદારે હૈદરાબાદને કબજે કરવા ઇન્ડિયન આર્મીનું 'ઓપરેશન પોલો' હાથ ધર્યું. એ વખતે ભારતીય સૈન્યના મુખ્ય વડાઓ હજી અંગ્રેજ હતા. તેમણે નેહરુને ધમકી આપી કે જો હૈદરાબાદ પર આર્મી મોકલાશે તો અમે રાજીનામું ધરી દઈશું. અને નહેરુ ગળગળા થઈ ગયા અને પેલાઓને મનાવવાની કોશિશ કરવા કઇંક કહેવા જાય એ પહેલાં જ સરદારે ચોખ્ખું સંભળાવી દીધું. ''તમારે રાજીનામું આપવું હોય તો ખુશીથી આપી શકો છો. બાકી હૈદરાબાદ પર ઓપરેશન ચાલશે જ.'' આવી મક્કમ નિર્ણય શક્તિ અને દૃઢ મનોબળ સરદાર ધરાવતા હતા. 'ઓપરેશન પોલો' વડે હૈદરાબાદ પર આર્મીએ કુચ કરી. જે જે રઝાકર દળના કાર્યકરો માર્ગમાં આવ્યા એમને ઉડાડી દીધાં! હજારો રઝાકર દળના આતંકીઓને ઠાર કર્યા બાદ આખરે નિઝામે ભારતની સત્તા સ્વીકારી અને સરદાર સામે શીશ ઝુકાવ્યું...! અને

કાશ્મીર...! જ્યાંના રાજા હરિસિંહ ડોગરા હજી અસંમજસમાં હતા કે પોતે સ્વતંત્ર રહેવું કે ભારતમાં જોડાવું. કાશ્મીરની મોટા ભાગની પ્રજા મુસ્લિમ હતી અને મહારાજા પોતે 'ડોગરા રાજપૂત' હતા. સપ્ટેમ્બર, ૧૯૪૭માં ખાઉધરા પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કરી દીધું. એ વખતે માઉન્ટબેટને ક્રુર રાજનીતિ રમી અને ગાંધીજીની ભાવનાઓ પણ સાથે હતી. લોર્ડ માઉન્ટબેટને નહેરુને કહ્યું કે, કાશ્મીર જ્યાં સુધી ભારત સાથે જોડાણ ના કરે ત્યાં સુધી એના માટે સેના ના મોકલવી અને ગાંધીજી ૫૫ કરોડનો મુદ્દ લઈને બેઠા હતાં. આમ, ભારતે સમયસર સેના ના મોકલી અને ભારતે અડધું કાશ્મીર ખોઈ નાખ્યું. આખરે હરિસિંહે ભારત સાથે જોડાણ કર્યું અને સરદારે સંરક્ષણ મંત્રી બલદેવસિંહજી સાથે મંત્રણા કરી ત્વરિત સેના મોકલી. અને ઘણું ખરું શ્રીનગર, બારામુલા સહિતનું કાશ્મીર દુશ્મનો પાસેથી મેળવી લીધું. આ તો સરદારે કરેલા મહાન કાર્યોની એકમાત્ર ઝલક જ કહી શકાય. સરદાર વલ્લભભાઈ પટેલ ખરા અર્થમાં ભારતના ભાગ્યવિધાતા હતા અને છતાં અત્યંત દુઃખની વાત તો એ છે કે, સરદારને કૉંગ્રેસ જ ભુલાવી દેવા માંગતી હતી. સરદારે ઘણું બધું સહન કર્યું છે. ગાંધીજીના આગ્રહને માન આપીને તેઓ નાયબ પ્રધાનમંત્રી બન્યા, ગાંધીજીની હત્યા થઈ ત્યારે તેમનું સારી રીતે સંરક્ષણ ન કરી શકવાનો સરદારને ઠપકો અપાયો...! જ્યારે ગાંધીજી ખુદ જ કહેતા કે મારે કોઈના રક્ષણની જરૂર નથી. વળી, ભાગલા વખતે થયેલી હિજરતમાં પાકિસ્તાનથી આવેલા મુસ્લિમોની બધાને ચિંતા હતી પણ પાકિસ્તાનમાં પોતાની મહામૂલી સંપત્તિ મૂકી આવેલા હિંદુઓ પ્રત્યે જો કોઈને સહાનુભૂતિ હોય તો એ માત્ર સરદારને હતી. અને એ જ વાત પર ઘણાં નેતાએ સરદારને સાંપ્રદાયિક કહ્યા! જ્યારે ખરો ભેદભાવ તો પોતાને જ કરી રહ્યાં હતાં હિંદુઓને અવગણીને! ગાંધીજીના મૃત્યુ બાદ ચાર મહિનામાં સરદારને હુમલો આવેલો અને માંડ બચી શકેલા ત્યારે તેમણે કહેલું કે, ગાંધીજીના મૃત્યુથી હું ખૂબ જ દુઃખી છું અને એટલે જ આવું થયું! પણ ખરું કારણ તો એમના અંતરઆત્માને જ ખબર હશે. ખરેખર ફરી એકવાર એ કહેવું પડે કે સરદાર જેટલું કોઈએ સહન નથી કર્યું.

સરદાર વલ્લભભાઈ પટેલ મહાન દષ્ટિ અને દૂરંદેશી ધરાવતા માનવ હતા. તેઓ દઢપણે માનતા હતા કે ભારતમાં 'એકતા' હશે તો જ ભારત 'મહાનતા' પ્રાપ્ત કરી શકશે. તેમણે વિવિધ પ્રદેશો, ધર્મો અને જાતિઓના લોકોને એકસાથે લાવવા અને રાષ્ટ્રીય એકતાની ભાવના બનાવવા મટે અથાગ મહેનત કરી. ભારતની એકતા અને અખંડિતતામાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન અજોડ છે. તેઓ લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાના પ્રબળ હિમાયતી હતા અને માનતા હતા કે, 'વિવિધતામાં એકતા' એ જ ભારતની સૌથી મોટી 'તાકાત' છે. આમ, સરદાર વલ્લભભાઈ પટેલ એક મહાન નેતા, સ્વાતંત્ર્ય સેનાની અને સ્વપ્નવલ્લભભાઈ દષ્ટા હતા જેમણે ભારતની સ્વતંત્રતાની લડત અને તેના પછીના

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ગુજરાતમાં ૩.૮૯ લાખથી વધુ શિક્ષકો. ૫૭ ટકા મહિલા અને ૪૩ ટકા પુરુષો :**

કેન્દ્ર સરકારના યુડાયસ ૨૦૨૪-૨૫ રિપોર્ટ મુજબ ગુજરાતમાં કુલ ૩.૮૯ લાખથી વધુ શિક્ષકો છે. જેમાં ૫૭ ટકા મહિલા અને ૪૩ ટકા પુરુષો છે. જ્યારે એક વર્ષમાં ગુજરાતમાં શાળા શિક્ષણમાં ૯૦ હજાર જેટલા શિક્ષકો ઘટ્યા છે. જ્યારે સરકારી શાળાઓમાં સાત હજાર જેટલા શિક્ષકો ઘટ્યા છે. શાળાદીઠ સરેરાશ શિક્ષક સંખ્યામાં ગુજરાત ૧૧ રાજ્યોથી પાછળ છે.

આ રિપોર્ટ મુજબ શાળાઓમાં ભણાવતા કુલ ૩૮૯૦૬૩ શિક્ષકોમાં પુરુષોની સંખ્યા ૧૬૮૧૨૬ અને મહિલાઓની સંખ્યા ૨૨૦૯૩૭ છે. આમ મહિલા શિક્ષકની સંખ્યા ૫૭ ટકા અને પુરુષ શિક્ષકની સંખ્યા ૪૩ ટકા છે. ખાસ કરીને પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરીમાં મહિલા શિક્ષકોની સંખ્યા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની સરખામણીએ ઘણી વધારે છે.

**ગુજરાતમાં ૨૯૩૬ શાળામાં એક શિક્ષક :**

કેન્દ્ર સરકારના સ્કૂલ યુડાયસ રિપોર્ટ મુજબ ગુજરાતમાં માત્ર એક જ શિક્ષક ધરાવતી હોય તેવી શાળાઓ ૨૯૩૬ ૨૦૨૪-૨૫માં નોંધાઈ હતી. જ્યારે ૨૦૨૩-૨૪માં એક જ શિક્ષક ધરાવતી શાળાઓ ૨૪૬૨ હતી. આમ એક વર્ષમાં એક જ શિક્ષક ધરાવતી શાળાઓ ૪૭૪ વધી છે. ૨૦૨૪-૨૫માં એક જ શિક્ષક ધરાવતી શાળાઓમાં ૧૦૫૧૩૪ બાળકો હતા. જ્યારે ૨૦૨૩-૨૪માં ૮૭૩૨૨ બાળકો હતા.

વધુમાં ૭૮ શાળાઓ એવી છે કે જેમાં શિક્ષક છે, પરંતુ વિદ્યાર્થી જ નથી. જ્યારે ૬૩ ત્રેંસઠ શાળાઓ એવી છે કે જ્યાં એક પણ બાળકનું એનરોલમેન્ટ થયું નથી.

**ટેકનિકલ કોર્સમાં નાપાસ વિદ્યાર્થીઓને પાસ થવા માટે હવે વધુ બે વર્ષ મળશે :**

યુજીસીના નિયમ મુજબ ડિગ્રી કે ડિપ્લોમાના કોર્સમાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરવા માટે નિયત સમય કરતાં વધુ બે વર્ષ મળે છે. પરંતુ જીટીયુ દ્વારા વધારાના બે વર્ષ ખાસ કિસ્સામાં આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં સેમેસ્ટર જ આખુ બાકી હોય તેવા વિદ્યાર્થીઓને બે વર્ષ ઉપરાંત વધારાનું એક વર્ષ અને એકથી બે વિષયમાં નાપાસ હોય તેવા

વિદ્યાર્થીઓને બેકલોગ પૂરો કરવા માટે બે વર્ષ ઉપરાંત વધારાના બે વર્ષ મળશે. આમ, ડિગ્રી, ડિપ્લોમા કોર્સમાં વિદ્યાર્થીઓને કોર્સ પૂરો કરવા નિયત વર્ષ કરતા વધુ ચાર વર્ષ મળશે. આ રીતે જીટીયુની એકેડેમિક કાઉન્સિલમાં મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**ગુજરાતમાંથી વિદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થી ૪૦ ટકા ઘટ્યા :**

ગુજરાતમાંથી દર વર્ષે અમેરિકા, કેનેડા, યુ.કે., જર્મની અને ઑસ્ટ્રેલિયા સહિતના દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જતા હોય છે ત્યારે અમેરિકા સહિતના દેશોમાં જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦% ટકાનો ઘટાડો નોંધાયો છે.

૨૦૨૩-૨૪માં ૧૮૦૦૦થી વધુએ ડિગ્રી, માર્કશીટ વેરિફિકેશન કરાવ્યું. જેની સામે ૨૦૨૪-૨૫માં ૧૧૦૭૧ અરજીઓ આવી હતી.

**વેરિફિકેશનની અરજીની સંખ્યા**

| સમય | માર્કશીટ | ડિગ્રી | ટ્રાન્સક્રિપ્ટ | કુલ |
|---|---|---|---|---|
| એપ્રિલ-૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ | ૫૪૦૮ | ૫૦૭૫ | ૪૩૮ | ૧૪૮૬૪ |
| એપ્રિલ-૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ | ૭૩૭૫ | ૯૭૧૨ | ૧૧૫૦ | ૧૮૨૩૭ |
| એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ - ૨૦૨૫ | ૪૨૭૬ | ૩૭૧૯ | ૩૦૭૬ | ૧૧૦૭૧ |
| એપ્રિલ-૨૦૨૫ થી ઓગસ્ટ-૨૦૨૫ | ૧૫૫૩ | ૧૫૬૦ | ૯૫૩ | ૪૦૬૬ |


**CBSE સીબીએસઈ બોર્ડ પરીક્ષાઓ ૧૭ ફેબ્રુઆરીથી લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૦માં બે પરીક્ષાઓ લેવાશે :**

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એક્ઝામિનેશન દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની આગામી બોર્ડની પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર થયો છે. એ મુજબ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની મુખ્ય બોર્ડ પરીક્ષાઓ તારીખ-૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. અને તે તારીખ ૯ એપ્રિલ સુધી ચાલશે. આ વર્ષે પ્રથમવાર ધોરણ-૧૦માં સંપૂર્ણ રીતે બે બોર્ડ પરીક્ષાઓ લેવાશે એટલે કે તમામ વિષયોમાં ફેર પરીક્ષા થશે, જે ૧૫મી મે થી શરૂ થશે.

**ગુજરાતમાં સીબીએસઈની ધોરણ-૧૦ની ૫૭૩ અને ધોરણ-૧૨ની ૪૨૨ શાળાઓ છે :**

ગુજરાતમાં સીબીએસઈનું એફિલિએશન ધરાવતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની અંદાજે ૬૦૦ છસો જેટલી શાળાઓ છે. ગયા વર્ષે લેવાયેલ બોર્ડ પરીક્ષાના આંકડા મુજબ ધોરણ-૧૦ની ગુજરાતમાં કુલ ૫૭૩ શાળાઓ છે. એટલે કે જેમાં ધોરણ-૧૦ સુધીના વર્ગો ચાલતા હોય તેવી ૫૭૩ શાળાઓ છે. જ્યારે ધોરણ-૧૨ની એટલે કે ધોરણ - ૧૦ અને ધોરણ-૧૨ બન્નેના વર્ગો ચાલતા હોય તેવી ૪૨૨ શાળાઓ છે. ગયા વર્ષે ગુજરાતમાંથી ધોરણ-૧૦માં ૪૨,૫૦૦ અને ધોરણ-૧૨માં ૩૨૭૮૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.


# પ્રકાશન વિભાગ




**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**વિરલ વિદ્યાપુરુષ**
ડૉ. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ




**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**સ્મરણયાત્રા**
જરીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**કાળી વાદળી ઉજળી કોર**
જરીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સ્મૃતિના અસવાર**
જરીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW


**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

# સરદાર વિશે ગાંધી

કુછ લોગ મુઝે યહ કહતે હૈ વલ્લભ હૈ ક્રુર કઠોર પ્રચુર
કુછ લોગ ઉસે અક્કડ કહતે કટુભાષી અભિમાની નિષ્ઠુર
પર મૈં યહ ખૂબ સમજતા હું, યહ રૂપ ન ઉસકા હૈ અસલી
ઉસમેં મા જૈસા સ્નેહ ભરા વહ વ્રજ કુલીશ વહ કંજકલી
વહ નિત્ય સિપાહી અનુશાસિત વહ હૈ સચમુચ પ્રણવીર
સરદાર ઉસે મૈં કહેતા હું વહ દેશભક્ત હૈ વીર પ્રબલ

સરદાર ગાથામાંથી સાભાર

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું